( )

પ્રકરણ - ૪

મેઘાણી: લોકકથાના સંપાદક

રાજેશ, પેટલાદ.

પ્રકરણ – ૪

મેઘાણી : લોકકથાના સંપાદક

મેઘાણીએ લોકગીતોની જેમ અત્રતત્ર વેરાયેલી લોકકથાનું પણ ઉત્સાહથી સંપાદન કર્યું છે. અંગ્રેજીમાં આ પ્રકારની કથા 'Folk-tale' ને નામે ઓળખાય છે. હિન્દીમાં એને 'लोककथा' કે 'लोककहानी' કહે છે. ગુજરાતીમાં એનો બીજો પર્યાય 'લોકવાર્તા' છે; પરંતુ 'વાર્તા' શબ્દ ગુજરાતીમાં ટૂંકી વાર્તા કે નવલિકા જેવાં અન્ય સ્વરૂપો માટે એવો રૂઢ થયો છે કે 'લોકકથા' વધુ ઉચિત સંજ્ઞા લાગે છે. તેમાંનો 'કથા' શબ્દ પ્રસ્તુત કૃતિ કથ્ય પ્રકારની છે, એનું પણ સૂચન કરે છે. તેથી ગુજરાતીમાં 'Folk-tale' માટે 'લોકકથા' સંજ્ઞા ઉચિત લેખાય.

મેઘાણીએ લોકકથાનાં પંદર જેટલાં પુસ્તકોનું સંપાદન કર્યું છે. તેમાં નીચેનાં પુસ્તકોનો સમાવેશ થાય છે: 'ડોશીમાની વાતો' (૧૯૨૩), 'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ-૧ (૧૯૨૩), 'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ-૨ (૧૯૨૪), 'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ-૩ (૧૯૨૫), 'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ-૪ (૧૯૨૭), 'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ-૫ (૧૯૨૭), 'કંકાવટી' ભાગ-૧ (૧૯૨૭), 'દાદાજીની વાતો' (૧૯૨૭), 'સોરઠી બહારવટિયા' ભાગ-૧ (૧૯૨૭), 'સોરઠી બહારવટિયા' ભાગ-૨ (૧૯૨૮), 'કંકાવટી' ભાગ-૨ (૧૯૨૮), 'સોરઠી સંતો' (૧૯૨૮), 'સોરઠી બહારવટિયા' ભાગ-૩ (૧૯૨૯), 'પુરાતન જ્યોત' (૧૯૩૮) અને 'રંગ છે બારોટ !' (૧૯૪૫).

લોકકથાના સંપાદનની એક આડપેદાશ મેઘાણીના નવલિકાસર્જનમાં જોઇ શકાય છે. આ સંપાદનમાંથી જ લેખકને નવલિકાસર્જનની પ્રેરણા મળી છે એમ દર્શાવતાં પ્રા. રમણલાલ પાઠકે નોંધ્યું છે: "સ્વ. મેઘાણીની નવલિકાસર્જન પ્રવૃત્તિનો પ્રેરણાસ્રોત તેમનું લોકકથાઓનું સંપાદન. સોરઠી પ્રજાના ભૂતકાલીન જીવનની બહુમુખી ભવ્યતા, ઉદાત્તતાએ તેમના ચિત્તને કામણ કર્યું. સાંભળેલી, સંશોધેલી, ઐતિહાસિક, અર્ધ-ઐતિહાસિક ઘટનાઓ, દંતકથાઓ, લોકકથાઓને 'હૈયાના હુલાવ આપી, લાડ લડાવી,' નવલિકાના કલાઘાટમાં નવવિધાન કરવાનો પુરુષાર્થ તેમણે આદર્યો – 'સૌરાષ્ટ્રની રસધાર' માં– અલબત્ત, આ કાર્યને શુધ્ધ નવલિકા–કલાની દૃષ્ટિએ મૂલવતાં સફળતા કદાચ સ્વલ્પ ગણાય – બહુ જ ઓછી કૃતિઓ શુધ્ધ કલાત્મક નવલિકાઓ બની શકી છે; પરંતુ નવલિકાલેખનની હથોટી એમાંથી જ કેળવાઇ અને એમાંથી જ મૌલિક નવલિકાસર્જનનું માર્ગસૂચન એમને મળ્યું."[1]

સોરઠી બોલીનો તેઓ એમના સર્જનાત્મક સાહિત્યમાં અને લોકકથાઓમાં ક્ષમતાપૂર્વક વિનિયોગ કરી શક્યા છે. પ્રા. પાઠકે નોંધ્યું છે તેમ, "ગુજરાતી બોલીઓમાં સોરઠી બોલી કદાચ સૌથી વધુ જીવંત અંશોવાળી છે. આમેય શિષ્ટ ભાષા કરતાં જનબોલીમાં સ્થાનિક રંગોને જીવંત બનાવવાની અસાધારણ તાકાત રહેલી જ હોય છે. સોરઠી બોલીમાં જાણે કે પ્રજાના જીવનનાં ખમીર ઓતપ્રોત થઇ ગયાં હોય એવી એ બળકટ બાની છે. એના તળપદા પ્રયોગો ને આગવી લઢણોમાં એ જીવન રણકતું, પ્રતિધ્વનિત થતું સંભળાય છે. સોરઠી બોલીને સર્જનાત્મક હેતુએ કસવામાં ભૂતકાળના અનામી લોકકવિઓનો પણ અસાધારણ ફાળો છે. સ્વ. મેઘાણી એ જનવાણીનાં જોમ-ચેતન– ખમીર પરખી – પકડી

હસ્તગત કરી શક્યા: અર્વાચીન ગુજરાતી ગદ્યને બલવાન, પ્રાણવાન બનાવવામાં એનો સમુચિત વિન્યાસ કરી શક્યા...... સોરઠી બોલીના બહુવિધ લોકઅંશો સ્વ. મેઘાણીએ જ પ્રથમવાર ગુજરાતી ગદ્યમાં દાખલ કર્યા અને એવા ગદ્યનો સમર્થમાં સમર્થ પ્રયોગ પણ તેમણે જ તેમનાં સર્જનાત્મક ગદ્ય લખાણોમાં કરી બતાવ્યો."[2]

મેઘાણીની સંપાદિત લોકકથાઓ લોકપ્રિય બની છે તેના મૂળમાં તળપદી લોકબોલીનો બળકટ પ્રયોગ છે. એટલું જ નહિ, મોટા ભાગનાં પાત્રો અને ઘટના ગ્રામ પરિવેશમાંથી આવે છે, તેથી તેમાં જિવાતા જીવનનો રણકાર સાંભળી શકાય છે. આમ હોવાથી કથાઓમાં એક પ્રકારની વાસ્તવિકતાનો અનુભવ થાય છે. ઉત્તમ કથાઓની શ્રેણીમાં ભલે ઓછી કથાઓ આવી શકતી હોય, છતાં તમામ કથાઓનું ઇતિહાસ, સમાજ કે તળપદા લોકજીવન સાથે અનુસંધાન રહ્યું છે, એ એક નોંધપાત્ર પાસું છે. એમાંથી લોકસંસ્કૃતિનું પ્રતિબિંબ નિહાળી શકાય છે.

લોકકથાના ઉદ્‌ભવ અને વિકાસના ક્રમની ચર્ચા કરતાં ડૉ. સત્યેન્દ્રે લખ્યું છે: " લોક-સાહિત્યમાં કથા વાર્તાનું ઘણું જ મૂલ્ય છે. વાર્તા લોકમાનસની મૂળ ભાવનાનાં રૂપોને સ્થૂલ પ્રતીકો દ્વારા અભિવ્યક્ત કરે છે. આ પ્રયત્ન જીવનનાં તમામ ક્ષેત્રોમાં થતો જોવા મળે છે, તેથી વાર્તાની સત્તાની વ્યાપકતા સિદ્ધ થાય છે. એટલે સ્વાભાવિક પ્રશ્ન એ ઊભો થાય છે કે "લોકકથા"ના ઉદ્‌ભવ અને વિકાસનો ક્યો ક્રમ હોઈ શકે ? આ પ્રશ્નનું મહત્ત્વ એટલા માટે વધે છે કે કથાના બે રૂપ આપણને મોટે ભાગે મળે છે – એક ધર્મગાથા (Myth) વાળું અને બીજું લોકકથાવાળું. આ બંને વિશે મૌલિક વિચાર થવા લાગ્યો છે, તો પ્રશ્ન એ થાય છે કે બંનેમાં પહેલું કોણ ? અને શું પહેલા કરતાં બીજું અથવા બીજા કરતાં પહેલું પેદા થયું છે ?"[3]

ઐતિહાસિક દૃષ્ટિએ પણ લોકકથાના મૂળ 'પંચતંત્ર' કે 'હિતોપદેશ'ની વાતો, 'બૃહત્કથામંજરી'ની વાતો કે નાના નાના ટુચકામાં મળે છે, એમ કહી શકાય. પણ આ કૃતિઓ પણ આખરે તો લોકકથાના પરિણામ રૂપે હતી. લોકકથા તો એનીયે પહેલા પ્રચલિત હતી. એનો ક્રમશઃ વિકાસ થતો રહ્યો છે, અને સમયાંતરે એના સ્વરૂપમાં પરિવર્તન થતાં રહયાં છે. કથા માનવીના રસનું કેન્દ્રસ્થાન છે. કથાના ક્ષેત્રમાં તેથી વિપુલ ખેડાણ થયેલું જોવા મળે છે.

સામાન્ય રીતે ગદ્યમાં નિરૂપિત લોકસાહિત્યનું વર્ગીકરણ નીચે પ્રમાણે થઇ શકે:

૧. દંતકથાઓ, કથાવાર્તાઓ, ધર્મકથાઓ (Legends and myth)

૨. જીવનકથાઓ અથવા વૃત્તાંતો

૩. અનુષ્ઠાન કે વ્રતકથાઓ (Ritual stories)

૪. લોકકથાઓ

૫. કંઠસ્થ ગદ્યાત્મક ને પ્રેમશૌર્યને પ્રગટાવતી ને બહેલાવતી, અંશતઃ ઐતિહાસિક અને ઘણે ભાગે કાલ્પનિક એવી, ગંભીર ઇતિહાસકથાઓ કે સ્થાનિક ઇતિહાસકથાઓ.

૬. પરીકથાઓ (Fairy-tales)

૭. રૂપકથાઓ

૮. ઓઠાંઓ કે દૃષ્ટાંતકથાઓ

૯. વિનોદ કે મનોરંજન માટેની લોકકથાઓ

ધર્મગાથા (Myth) એટલે શું ? :

ડૉ. સત્યેન્દ્રે લખ્યું છે કે, "વિદ્વાનોના અભિપ્રાય પ્રમાણે ધર્મગાથામા ધાર્મિક આસ્થા નહિ, પણ ધાર્મિક પૂર્વભૂમિકા અવશ્ય હોવી જોઇએ. એમા કોઇ દેવતા કે દૈવી પુરુષનો સમાવેશ થયેલો આવશ્યક છે, જો એમ ન થયું હોય તો તેને લોકકથા કહેવામા આવે છે.

પરંતુ એ વાત પણ ધ્યાનમા રાખવાની છે કે માત્ર દેવી-દેવતાઓના સમાવેશથી કોઇ લોકકથા ધર્મગાથા બની જતી નથી. એવી કેટલીયે લોકકથાઓ પ્રચલિત છે, જેમા શિવ-પાર્વતી, વિષ્ણુ વગેરેનો ઉલ્લેખ જોવા મળે છે, પરંતુ તેને ધર્મગાથા કહી શકાશે નહિ. કોઇ તથ્યની વ્યાખ્યા કરનારી કથાઓમા પણ દેવતાઓનો સમાવેશ થાય છે, છતાં એને ધર્મગાથા કહી ન શકાય. દા.ત. ખિસકોલીની પીઠ પર રેખાઓ કેમ છે ? સીતાના વિયોગ વખતે ખિસકોલીએ રામને મદદ કરી હતી, રામ પ્રસન્ન થયા, તેમણે તેના પર હાથ ફેરવ્યો અને રેખાઓ બની ગઇ. આ લોકકથા છે, ધર્મગાથા નથી.

કારણ એ છે કે ધર્મગાથાને માટે માત્ર દેવતાઓનો સમાવેશ થયો હોય એ આવશ્યક નથી, માત્ર એમા આસ્થા હોય એ પણ આવશ્યક છે. અહીં આસ્થાનો અર્થ એ છે કે કથામા રજૂ કરેલી બાબતમા વિશ્વાસ મૂકવો. ઉપરની કથામા વર્ણવેલી બાબતમા કહેનાર, સાંભળનાર બંને વિશ્વાસ મૂકે છે; પરંતુ ધર્મગાથાને માટે એમા ધાર્મિક આસ્થા હોય એ આવશ્યક છે. એના કહેવા - સાંભળવામા કોઇ ધાર્મિક લાભની સંભાવના હોય છે.[18]

એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકામાં લખ્યું છે: "પુરાણકલ્પનો હેતુસર પ્રયોજાય છે. તે અનિવાર્યપણે ઉપજાવી કાઢેલાં હોય છે, અથવા શ્રી કિપલિંગ કહે છે તેમ 'વાર્તાઓ જેવાં જ' હોય છે. તેનો હેતુ (૧) વૈશ્વિક ઘટના (દા.ત. પૃથ્વી અને આકાશ કેવી રીતે અલગ પડે છે); (૨) કુદરતી ઇતિહાસની વિશિષ્ટતાઓ (દા.ત. વરસાદ પડે છે ત્યારે કેટલાક પક્ષીઓના અવાજો અથવા પ્રવૃત્તિઓ કેમ થાય છે); (૩) માનવ સંસ્કારિતાની ઉત્પત્તિ (દા.ત. સંસ્કૃતિની લાભદાયક ક્રિયા દ્વારા—પ્રોમીથિયસ જેવા વીર દ્વારા; અથવા (૪) સામાજિક અથવા ધાર્મિક રીતરિવાજનું મૂળ અથવા કુદરત અને પૂજાના હેતુનો ઇતિહાસ — સમજાવવાનો છે."[૫] આવાં લક્ષણો ધરાવતી કથાને ધર્મગાથા કે પુરાણકથા કહેવામાં આવે છે.

દંતકથાના સંદર્ભમાં એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકામાં લખ્યું છે: "વિકૃત ઇતિહાસને દંતકથા કહી શકાય. તેમાં ઐતિહાસિક તથ્યનું કેન્દ્ર હોય છે, ત્રીજા પ્રકારની વાર્તાઓમાંથી અથવા પુરાણકલ્પનોમાંથી તારવીને, ઉમેરાઓ કરીને તૈયાર કરેલી તથા મુશ્કેલીથી તૈયાર કરેલી સ્મૃતિઓની કથાઓ પણ રજૂ કરે છે."[૬]

"ઐતિહાસિક તથ્ય" અને "ઐતિહાસિક વ્યક્તિ" દ્વારા એવો અભિપ્રાય તારવી ન શકાય કે કોઇક સમયે ખરેખર એવું બન્યું જ હતું. માનવીય ભાવવિકાસમાં ઘણીવાર એવું બને છે કે જે વ્યક્તિ અને ઘટના કાલ્પનિક હોય છે, તેને સમય જતાં ઐતિહાસિક માની લેવામાં આવે છે. હાલના ઐતિહાસિક યુગમાં, જયચંદ – પૃથ્વીરાજનો જે સંબંધ બતાવવામાં આવ્યો છે તે કાલ્પનિક ઠર્યો છે. આમ, ઘણીવાર લોકકલ્પનાને ઇતિહાસના રૂપમાં માની લેવામાં આવે છે.

લોકકથા એ લોકવિદ્યાનું એક અંગ છે, એટલે અહીં લોકવિદ્યા વિશે થોડોક વિચાર કરવો ઉચિત માન્યો છે. લોકવિદ્યા એ સંસ્કૃતિનું એક અંગ છે અને તેનો અભ્યાસ અનિવાર્ય છે એવું મંતવ્ય ધરાવતા પ્રો. બ્રુન્વાંદે લખ્યું છે : " લોકવિદ્યા અભ્યાસ કરવા માટે મોહ પમાડે છે કારણ કે માનવ એક મોહક પ્રાણી છે. તે વૈવિધ્યભર્યો અને સંકુલ વિષય છે કારણ કે તે માનવ સંસ્કૃતિની સમગ્રપણે ગૂંચવણભરી ભાત પ્રતિબિંબિત કરે છે. લોકવિદ્યા એ સંસ્કૃતિનો એક ભાગ છે, પરંતુ તે છટકી જાય તેવી, માણસની મુખ્ય બૌદ્ધિક પ્રાપ્તિઓના પ્રવાહથી અલગ રહીને પ્રવર્તે છે. તેમ છતાં, મૌખિક પરંપરામાં, માણસની સાહિત્યિક અને પ્રતિનિધાનાત્મક કલા માટે સર્જનો થતાં રહે છે, તેની તત્ત્વચિંતનાત્મક કલ્પનાઓ, તેની વૈજ્ઞાનિક શોધખોળો, તેની ઐતિહાસિક નોંધો, તેના સામાજિક વલણો અને તેની માનસશાસ્ત્રીય આંતરદૃષ્ટિઓ વ્યક્ત થાય છે. આમ, લોકવિદ્યાનો અભ્યાસ માણસ અને તેનાં કાર્યોના વિસ્તૃત અભ્યાસનો એક પેટાવિભાગ છે, અને તેથી લોકવિદ્યાનું સંશોધન માનવવિદ્યાઓ અને સામાજિક વિજ્ઞાનો બંને માટે ઘણું મહત્ત્વનું છે."[७] આ પ્રમાણે પાશ્ચાત્ય લોકશાસ્ત્રજ્ઞો પણ સંસ્કૃતિનું પગેરું લોકવિદ્યાના વિવિધ પ્રકારોમાં શોધે છે.

'શાબ્દિક કલાઓ' માટે જ 'લોકવિદ્યા' સંજ્ઞા વાપરી શકાય એમ માનતા પ્રો. બ્રુન્વાંદે લોકવિદ્યાની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે: " સામાન્ય રીતે એમ કહી શકાય કે લોકવિદ્યાની વ્યાખ્યા આ પ્રમાણે આપી શકાય — સંસ્કૃતિમાં રહેલી એવી સામગ્રીઓ કે જે કોઈ પણ વર્ગના સભ્યો વચ્ચે જુદાં જુદાં સ્વરૂપોમાં પરંપરાગત રીતે વિતરણ પામતી હોય. આ સામગ્રી ભલે મૌખિક સ્વરૂપમાં કે સામાજિક રિવાજ

પ્રમાણેના દાખલા મુજબ રજૂ થતી હોય. વધુમાં અશિક્ષિત લોકોના નૃવંશશાસ્ત્રીય અભ્યાસમાં તેનો સમાવેશ કરીને વ્યાખ્યાને અનુમોદન આપવાનું સરળ બનશે. બધી જ વસ્તુ મૌખિક રીતે આપવામાં આવે છે. 'લોકવિદ્યા' સંજ્ઞા સામાન્ય રીતે ગીત, કથા, સમસ્યા, કહેવતો અને એના જેવી 'મૌખિક કલાઓ' માટે પ્રયોજવામાં આવે છે."[८]

પ્રો. બ્રુન્વાંદે 'The Study of American Folklore' માં લોકવિદ્યાની વ્યાખ્યા આપવાનો પ્રયાસ કર્યો છે; એટલું જ નહિ, શાસ્ત્રીય પધ્ધતિએ તેમણે લોકવિદ્યાનું વિભાગીકરણ પણ આપ્યું છે. તેમણે વિશેષે કરીને લોકવિદ્યાનું ક્ષેત્ર, તેનો અભ્યાસ અને અમેરિકન લોકસાહિત્ય-સંશોધકો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તે પછી લોકવિદ્યાના ત્રણ પ્રકારો દર્શાવી, તે દરેક વિશે વિસ્તૃત નોંધ આપી છે.

પ્રો. બ્રુન્વાંદે (૧) શાબ્દિક લોકવિદ્યા (Verbal Folklore), (૨) અંશતઃ શાબ્દિક લોકવિદ્યા (Partly Verbal Folklore), અને (૩) અશાબ્દિક લોકવિદ્યા (Non-Verbal Folklore) — એવા લોકવિદ્યાના ત્રણ મુખ્ય પ્રકારો પાડ્યા છે..

શાબ્દિક લોકવિદ્યામાં (૧) લોકવાણી અને લોકનામો, (૨) કહેવતો, ભડલી વાક્યો, (૩) ઉખાણાં અને કોયડાઓ, (૪) ખાયણાં, (૫) પુરાણકથાઓ અને દંતકથાઓ, (૬) લોકકથાઓ, (૭) લોકગીતો અને (૮) કથાગીતો (Ballads) નો સમાવેશ થાય છે.

અંશતઃ શાબ્દિક લોકવિદ્યામાં (૧) વહેમો, માન્યતાઓ, (૨) રીતરિવાજો, તહેવારો, (૩) લોકનૃત્યો, લોકનાટકો, (૪) લોક-રમતો વગેરેનો સમાવેશ થાય છે.

અશાબ્દિક લોકવિદ્યાઓમાં (૧) લોક-ચેષ્ટાઓ (હાવભાવો), (૨) લોકસંગીત, (૩) લોક-સ્થાપત્ય, લોક-હસ્તકલા અને લોક-કલા, (૪) લોક-પોશાક અને લોક-ખોરાક (Folk costumes and Foods) નો સમાવેશ થાય છે.

લોકકથા એટલે શું ?:

પ્રો. બ્રુન્વાદે લોકકથાની ચર્ચા કરતાં લખ્યું છે: " જો દંતકથાઓ લોક ઇતિહાસ હોય, તો પછી લોકકથા મૌખિક સાહિત્યની ટૂંકી વાર્તાઓ છે. લોકકથાઓ પરંપરાગત રીતે ગદ્યમાં કહેવાય છે, અને તે અનિવાર્યપણે કલ્પિત હોય, અને મનોરંજન માટે જ કહેવાય છે. આવી કથાઓ સત્ય અથવા નૈતિક મુદ્દાને ઉદાહરણ સાથે રજૂ કરે છે."[૯] તેઓ માને છે કે લોકકથામાં પરીકથાની સાથે વાસ્તવિક કથા-વસ્તુવાળી કથાનો પણ સમાવેશ થવો જોઇએ.

લોકકથાનો કલાદેહ 'મોટિફ'ના સંદર્ભમાં કેવી રીતે ઘડાય છે તેની ચર્ચા કરતાં એલન ડન્ડસે લખ્યું છે: " મોટિફને લગતી ક્રમિકતા નીચેની ચાર પરિસ્થિતિમાં જોવા મળે છે: મનાઇ, ઉલ્લંઘન, પરિણામ, અને પરિણામમાંથી પ્રયત્નપૂર્વકની મુક્તિ (સંક્ષિપ્ત સંજ્ઞા મ., ઉ., પ., પ્ર.મુ.). પ્રયત્નપૂર્વકની મુક્તિ એ ફરજિયાત માળખાગત વ્યવસ્થા ઉપરાંત એક વિકલ્પ છે. કથા પરિણામ આગળ પૂરી થઇ શકે છે. તદુપરાંત, જો પ્રયત્નપૂર્વકની મુક્તિ હોય તો તે પ્રયત્ન સફળ હોય અથવા નિષ્ફળ પણ હોઇ શકે. પ્રયત્નપૂર્વકની મુક્તિ એ ચોથા મોટિફની હાજરી, વિશિષ્ટ સંસ્કૃતિ અથવા તે સંસ્કૃતિમાંના વિશિષ્ટ માહિતીદાતા ઉપર આધારિત છે. એ જ રીતે પ્રયત્નની સફળતા અથવા નિષ્ફળતાનો આધાર પણ આ પરિબળો પર હોઇ શકે.

થોડાંક ઉદાહરણો વડે લોકકથાની આ ભાત સ્પષ્ટ થશે. સમાનતા ધરાવતા માળખાગત સ્વરૂપમાં સામગ્રીની વિવિધતા જોવા મળે છે. "સ્વેમ્પી ફી" નામની કથામાં, એક નાનકડા છોકરાને એની બહેને કહ્યું છે કે જ્યારે ખિસકોલી પાણીની નજીક હોય ત્યારે તેને મારવી નહિ (મ.). છોકરો પાણીની નજીક ખિસકોલીને મારે છે (ઉ.). જ્યારે તે પાણીમાં પડેલ તેનું તીર પાછું મેળવવા માટે જાય છે, ત્યારે એક માછલી તેને ગળી જાય છે (પ.). આ માછલી તરતી બહેન તરફ જાય છે. બહેન તે માછલીને કાપી નાખે છે, અને એ રીતે પોતાના ભાઈને મુક્ત કરે છે (પ્ર. મુ.). "[૧૦] પ્રો. બ્રુન્વાદે એમના ગ્રંથમાં 'લોકસાહિત્ય' (Folk literature) શબ્દનો છેદ ઉડાડ્યો જણાય છે, કારણ કે તેમાં આ શબ્દનો ક્યાંય ઉલ્લેખ સરખો જોવા મળતો નથી.

લોકવિદ્યાના કાર્યક્ષેત્રનો ઉલ્લેખ કરતાં પ્રો. એલેકઝાંડર એચ. ક્રેપે લખ્યું છે: " લોકવિદ્યાનું કાર્યક્ષેત્ર એ છે કે પ્રારંભિક કામગીરીઓનું સંપાદન અને વર્ગીકરણ કરવું. ઐતિહાસિક અને કુદરતી વિજ્ઞાન માટે તે બંને આવશ્યક છે. તેને આ પ્રમાણે સમજાવી શકાય: માણસના આધ્યાત્મિક ઇતિહાસને તે ઘડે છે. કવિઓના અને વિચારકોના અસામાન્ય કવનોના દાખલા રૂપે નહિ, પરંતુ 'લોક'ના અસરકારક અવાજો તરીકે તે રજૂ થાય છે. "[૧૧]

પ્રો. બ્રુન્વાદે લોકસાહિત્યના ઘટકતત્ત્વો નીચે પ્રમાણે ગણાવ્યાં છે: (૧) લોકસાહિત્ય કંઠસ્થ સાહિત્ય છે. (૨) લોકસાહિત્ય વારસાગત સાહિત્ય છે. (૩) લોકસાહિત્યમાં વિવિધ પાઠાંતરો (Versions) જોવા મળે છે. (૪) લોકસાહિત્યનો સર્જક અજ્ઞાત (annonymous) હોય છે. (૫) લોકસાહિત્યમાં ઘટનાઓ, પ્રસંગો, વર્ણનો, કાવ્યપંક્તિઓ,

અલંકારો વગેરેની તૈયાર સૂત્રાવલિઓ પ્રયોજાય છે. ગુજરાતી લોકગીતોમાં "તાંબાકૂંડી જળે ભરી" જેવી પંક્તિ વારંવાર જુદા જુદા સંદર્ભમાં વપરાઇ છે. લોકસાહિત્યના આ સનાતન લક્ષણને તેઓ વિશિષ્ટ લક્ષણ માને છે. સામાન્યત: જગતના કોઇ પણ લોકસાહિત્યમાં ઉપર્યુક્ત પાંચ ઘટકતત્ત્વો જોવા મળે છે.

લોકવિદ્યાના વિવિધ પેટાપ્રકારોમાં લોકકથા અને લોકગીતનું કામણ વિશેષ રહ્યું છે. ચારણી શૈલીમાં લખાયેલી લોકકથાનો ભોક્તાવર્ગ- ભલે મર્યાદિત પણ - આજેય મોજૂદ છે. આ પ્રકારની લોકકથાની કથન-પધ્ધતિમાં જ જાદુ રહેલું છે. સાગરનાં મોજાં પૂરપાટ દોડતાં હોય એવી વેગીલી શૈલી આવી લોકકથાને પોતીકી મુદ્રા અર્પે છે.

ડૉ. સત્યેન્દ્રે લોકકથાનું વિભાગીકરણ નીચે પ્રમાણે આપ્યું છે: (૧) ગાથાઓ, (૨) પશુ-પક્ષી વિષયક કથાઓ, (૩) પરીકથાઓ, (૪) સાહસ કથાઓ (Adventures), (૫) નિરીક્ષણ ગર્ભિત કથાઓ, (૬) સાધુપીરોની કથાઓ (Hageological), (૭) કારણનિર્દેશક કથાઓ (Aeteological), (૮) બાલકથાઓ વગેરે.[૧૨]

'મોટિફ' વિશે સૌ પ્રથમ શાસ્ત્રીય ચર્ચા સ્ટીથ થૉમ્પસને કરી છે. તે પછી હિન્દીમાં ~~"મોટિફ"નું~~ ડૉ. સાવિત્રી સરીને 'વ્રજની લોકવાર્તાઓના 'મોટિફ'નું અધ્યયન' નામના મહાનિબંધમાં આ વિશે વિગતે ચર્ચા કરી છે. તેમણે વ્રજની લોકકથાઓમાંથી લગભગ ૬૦૦ જેટલાં એવાં 'મોટિફ' શોધી કાઢ્યાં છે, જે સ્ટીથ થૉમ્પસનના ગ્રંથની બીજી આવૃત્તિમાં પણ નથી. મેઘાણીએ 'મોટિફ' માટે 'રંગ છે બારોટ !' ના પ્રવેશકમાં 'કરામત' શબ્દ યોજ્યો છે, પણ તેમાં 'મોટિફ'ના બધા મર્મો સમાઇ

જતા નથી. તેથી એને માટે બીજો કોઇ યોગ્ય પર્યાય ન મળે ત્યાં સુધી ગુજરાતીમાં 'મોટિફ' શબ્દ યોજાતો રહે તે ઇષ્ટ છે.

લોકકથાનું અધ્યયન :

લોકકથાનું અધ્યયન વૈજ્ઞાનિક પધ્ધતિએ જ થવું જોઇએ, એમ ડૉ. સત્યેન્દ્ર ભારપૂર્વક કહે છે. તેમણે નીચે પ્રમાણેની પધ્ધતિએ લોકકથાનું અધ્યયન કરવાનું સૂચવ્યું છે:

૧. સામાન્ય પરિચય - એમાં સાહિત્યિક ઉલ્લેખ કરવામાં આવે છે.

૨. સાહિત્યિક રૂપાંતર - કથાનાં ઘટકતત્ત્વોનું વિશ્લેષણ કરીને તેની તુલના કરવામાં આવે છે.

૩. કથાનાં લોકરૂપોનું અનુસંધાન - કથામાં જે જે લોકરૂપોનું સંકલન થયું હોય તેનું વિવરણ આપવામાં આવે છે. તે દ્વારા તેનો ભૌગોલિક અને ઐતિહાસિક વિસ્તાર જોઇ શકાય છે.

૪. લોકકથા - રૂપો (Folk tale types) — સંકલન, વિવરણ, ઉલ્લેખોના નિષ્કર્ષરૂપ કથાનું લોકકથા તરીકેનું જે રૂપ સિધ્ધ થાય છે તેનો અભ્યાસ કરવામાં આવે છે. આ માટે સ્ટીથ થૉમ્પસનનું પ્રમાણ આપવામાં આવે છે.

૫. તુલના દ્વારા નિષ્કર્ષ - લોકકથાનાં રૂપોની તુલના કર્યા પછી જે નિષ્કર્ષ પ્રાપ્ત થાય તેનું વિવેચન કરવામાં આવે છે.

૬. મૂળ કથાનું 'મોટિફ' - તુલનાત્મક વિવેચન દ્વારા એ નિષ્કર્ષ પર આવી શકાય છે કે કથાના 'મોટિફ' કેટલા હશે ?

૭. કથામાં વિચારક સંપ્રદાય - એ પણ તપાસવું જોઇએ કે કથા વિશે કયા કયા સંપ્રદાયોએ અધ્યયન કર્યું છે ?[૧૩]

શ્રી અગરચંદ નાહટાએ 'પદ્માવતી ચરિત'નો સંક્ષિપ્ત પરિચય[૧૪] આપ્યો છે તેની વિગતવાર નોંધ ડૉ. સત્યેન્દ્રે એમના ગ્રંથમાં આપી છે એમાં પ્રસ્તુત કથાની 'કથાસરિત્સાગર'ની કથા સાથે તુલના કરી છે.

મેઘાણીએ એમની સંપાદિત લોકકથાઓનું વર્ગીકરણ કર્યું નથી. તેને અનુલક્ષી પ્રો. ચંદરવાકરે લખ્યું છે: " આમ કરવામાં તેમની રસદૃષ્ટિ અને સૌંદર્યદૃષ્ટિ કામ કરતી હશે, વૈજ્ઞાનિકની સૂઝ નહિ. તેઓ કદી પણ વૈજ્ઞાનિકની શુષ્કતા અને જડતામાં પુરાય તેવા સંગ્રાહક કે સંપાદક હતા જ નહિ. લોકવાર્તાઓમાં કથ્ય પ્રકારની વાર્તાઓ પણ તારવવી જોઇએ. મેઘાણીભાઇએ સંપાદિત કરેલી વાર્તાઓમાં 'કથ્ય વાર્તા'ના અંશો જ્યાં ત્યાં વેરાયેલાં જોવા મળે છે. તેઓ લોકવાર્તાના આ અંશથી અતિશય જાગૃત છે, અને તેના ઠીક ઠીક જાણકાર પણ છે. આથી તેમની લોકવાર્તાઓમાં આવા અંશો સંવાદોમાં, વર્ણનોમાં અને વાર્તાતત્ત્વ (Narration) માં જોવા મળે છે. દા.ત. 'ધોડી અને ધોડેસવાર' ('સૌરાષ્ટ્રની રસધાર' ભાગ-૩). આ કથાનો પ્રારંભ ચારણી શૈલીનો છે. ચારણોની વાર્તાકથનરીતિ કાયમ કથ્ય શૈલીની છે."[૧૫]

લોકકથાનું એક પ્રાણભૂત તત્ત્વ લયાન્વિત ગદ્ય છે. આ પ્રકારના rhythmic prose ની વિશેષતા નોંધતાં શ્રીમતી દુર્ગા ભાગવતે લખ્યું છે: " જ્યાં સુધી લયાન્વિત ગદ્યનો અભ્યાસ કરવામાં ન આવે ત્યાં સુધી આપણે લોકકથાઓની કથ્ય પધ્ધતિનું આકલન કરી શકીશું નહિ. કથનની આ ગીત-ગાનની વિશિષ્ટ રીતિ તાલ, પ્રાસયુક્ત પ્રશ્નોત્તરી વગેરેથી ભરેલી હોય છે, અને તેનો સમગ્ર વિશ્વમાં ચારણો તથા કથા-કથકો દ્વારા આશરો લેવાય છે. ભારતમાં પણ ધંધાદારી

અને બિનધંધાદારી એમ બંને પ્રકારના પુરાણીઓ, કથકો, ચારણો અને કથા-કથકો એવી જ યુક્તિ અજમાવે છે. સંસ્કૃત આલંકારિકોએ આવા છંદથી શણગારેલ લયાન્વિત ગદ્ય શૈલીને ચરણ કહીને ઓળખાવી છે.

સૌ પ્રથમ અને સૌથી વધુ ભવ્ય લયાન્વિત ગદ્યની રજૂઆત ઉપનિષદના 'સત્યમ્ વદ' ધર્મમ્ ચર' વગેરે ખંડોમાં જોવા મળે છે. પંચતંત્ર અને કાદંબરીમાં ઘણે ઠેકાણે એવું ગદ્ય પ્રયોજાયું છે. શંકરાચાર્યનું ગદ્ય પણ તાલબધ્ધ રીતે લલકારવામાં આવે છે. ચારણોની પરંપરાગત કથનરીતિનું વલણ બદલાયું છે અને તેનું પ્રતિબિંબ લોકકથાઓ, જાદુઇ પદોના કથનમાં પડે છે."[૧૬]

લોકકથાના મૂળમાં ઇતિહાસ કે જિવાતા જીવનની હકીકતોનો પાયો હોય છે. શ્રી દર્શકે લખ્યું છે, " જો તમે એને કેવળ સાહિત્યની રચના તરીકે જ માણો, તો માણી શકો. પણ લોકોએ તો એને કાલ્પનિક રચના તરીકે સ્વીકાર્યું જ નથી. તેઓએ સંધોર્મિના દસ્તાવેજી સાહિત્ય તરીકે તેને અપનાવ્યું, માણ્યું અને અનુભવની કસોટીએ ચડાવી તેમાં સુધારા-વધારા પણ કર્યા. એ સાહિત્ય કોણે લખ્યું ? તો ક્યાંયે કોઇ નામ નથી. પણ એ એક દસ્તાવેજી રીતે લખાયું છે. એની સાબિતી તમારે જોઇતી હોય તો જોગીદાસ ખુમાણ તેમ જ બીજા બહારવટિયાઓને વાંચો. બહારવટિયાની આ વાતો તો બનેલા બનાવો છે એ કંઇ સેંકડો વર્ષ પહેલાની વાત નથી; ગણ્યાં વર્ષો પરની વાત છે."[૧૭]

ઐતિહાસિક દૃષ્ટિએ 'લોકકથા' શબ્દનો પહેલવહેલો પ્રયોગ કોણે કર્યો તે દર્શાવતાં શ્રી કનુભાઇ જાનીએ લખ્યું છે: " વણઝાર-વેપારી - વહાણવટાની જળસ્થળની ખેપો સાથે, પ્રવાસીઓના પ્રવાસ

સાથે વાતો પણ દેશવિદેશ ગઇ ને આવી. એટલે વસ્તુદૃષ્ટિએ અનેકોના આદાનપ્રદાનનું આ પરિણામ હોઇ, તુલનાત્મક અભ્યાસનું બહોળું રસિક ક્ષેત્ર પૂરું પાડે છે. એનો પહેલો વ્યવસ્થિત અભ્યાસ કરી, 'ગુજરાત તથા કાઠિયાવાડ દેશની વારતા' ના ત્રણ ભાગો આપનાર હતા ફરામજી બહમનજી માસ્ટર (ફ.બ.); જો કે આ કામમાં આરંભ કરનાર ગણાય કવિ રૂસ્તમ ખુરશેદ ઇરાની. એમને નામે ચડેલા ચાલીસ પુસ્તકો-માંથી એકનું તો શીર્ષક જ છે 'લોકકથા' (૧૮૮૫). એ રીતે 'લોકકથા' નો પહેલવારકો પ્રયોગ કરનાર એ છે."[૧૮]

લોકકથાના કલાવિધાન વિશે પ્રા.પુષ્કર ચંદરવાકરે નોંધ્યું છે: " પણ ટૂંકી વાર્તા તે લોકવાર્તા નથી. હા, લોકવાર્તા ટૂંકી વાર્તા બની શકે, તે ટૂંકી વાર્તાની ગોદમાં સમાઇ પણ જાય, પણ ટૂંકી વાર્તા તો લોકવાર્તા નથી જ. આથી આ બંને સાહિત્યસ્વરૂપો વચ્ચે તેના સ્વરૂપ-આકાર,વળોટ, શિલ્પવિધાન ઇ.પરત્વે મૂળભૂત ભેદો છે."[૧૯] પ્રા. ચંદરવાકરના મતે દરબારી ઠાઠવાળી લોકકથા રાજસ્થાનમાંથી સૌરાષ્ટ્રમાં ઊતરી આવી છે.

પ્રા. ચંદરવાકરે વધુમાં નોંધ્યું છે, " આ જ મેવાડી-મારવાડી ચારણોએ 'કહેણી' (લોકવાર્તાનો મારું પર્યાય) ગુજરાત સૌરાષ્ટ્રના રાજદરબારોમાં માંડી હોવી જોઇએ. આથી તારવી શકાય કે દરબારી ઠાઠદાર લોકવાર્તાઓ ગુજરાત સૌરાષ્ટ્રમાં રાજસ્થાનમાંથી અવતરી છે અને તેને લાવનાર છે ચારણો. જો કે આજે સૌરાષ્ટ્ર - ગુજરાતમાં ચારણો ઉપરાંત કેટલીક જ્ઞાતિઓ દરબારી ઠાઠવાળી લોકવાર્તાઓ કહેવા માટે જાણીતી છે. ફ.બ. નોંધે છે કે, "હિન્દુઓમાં ભાટ,ચારણ,

રાવળીઆ, તુરી ને મુસલમાનોમાં મીર અને લુંધા, એટલી જાત ગુજરાતમાં વારતા કહેનારી છે." તદુપરાંત મોતીસર, કાઠી, બ્રાહ્મણ, રાવળ ઇત્યાદિનો પણ આમાં સમાવેશ કરી શકાય છે."[20]

શ્રી હરગોવિંદ પ્રેમશંકરે 'કાઠિયાવાડની જૂની વાર્તાઓ'માં વધારે ઘટના ધરાવતી 'જોગીદાસ ખુમાણ'ની કથા ગ્રથસ્થ કરી છે. મેઘાણીએ 'સોરઠી બહારવટિયા'માં આ જ કથા સંપાદિત કરીને મૂકી છે. એમાં ઓછામાં ઓછું ઘટનાતત્ત્વ છે. આ બંને કથા સરખાવતાં આ વસ્તુ પ્રતીત થશે. આ ઉપરથી તારણ કાઢી શકાય કે લોકકથાને ઘટનાની મર્યાદામાં પૂરી ન શકાય. લોકકથામાં ક્યારેક આડકથા પણ આવી જાય છે. દા.ત. મેઘાણી સંપાદિત 'શેત્રુંજીને કાંઠે' લોકકથામાં ભજનના સ્વરૂપમાં આડકથા મૂકેલી છે.

પ્રા. ચંદરવાકરે દરબારી ઠાઠદાર લોકકથાનાં ઘટકતત્ત્વો નીચે પ્રમાણે ગણાવ્યાં છે:–
" (૧) મોઢિયું (૨) માંડણી અથવા બાંધણી (3) વળોટ (વિવેક) (૪) ઠાબંધી (૫) નાદવૈભવ (૬) શબ્દચિત્રો કે તસ્વીરો (૭) કહેણીરીતિ-સંવાદતત્ત્વ (૮) હોંકારો (૯) અંત."[21] આ પ્રકારની લોકકથામાં પ્રારંભમાં મોઢિયાને સ્થાને દોહાઓ મૂકવામાં આવે છે. મેઘાણી સંપાદિત 'ઘોડી અને ઘોડેસવાર'ના પ્રારંભમાં ત્રણ દોહાઓ મૂકવામાં આવ્યા છે.

લોકકથાનો કથાપ્રવાહ ગતિશીલ હોય છે એમ દર્શાવતાં શ્રી જયમલ્લ પરમારે પણ નોંધ્યું છે, " ધીમેથી ભૂમિકા બાંધી અને પછી તો એના વેગબંધ ધસારામાં શ્રોતાઓને ખેંચી જાય છે."[22] લોકકથાના

લેખકે કથામાં વળોટનો પણ ખ્યાલ રાખવાનો હોય છે. 'ઘોડી અને ઘોડેસવાર'માં અગીઆર જેટલી ઘટના હોવા છતાં તેના વળોટમાં જરા પણ ખામી આવી નથી. લોકકથાના લેખકે કેટલી સભાનતા રાખવાની હોય છે તે આ ઉપરથી પ્રતીત થાય છે.

નિરૂપણની દૃષ્ટિએ લોકકથાના બે પ્રકાર પાડી શકાય : (૧) ગદ્યમાં વહેતી લોકકથા અને (૨) ગદ્યપદ્યમાં વહેતી લોકકથા - 'સોરઠી ગીતકથાઓ' તથા 'સોરઠી બહારવટિયા'માં આ પ્રકારની લોકકથા જોવા મળે છે.

મેઘાણીનું લોકકથા વિષયક સૌ પ્રથમ પુસ્તક 'ડોશીમાની વાતો' છે. આ પુસ્તક ૧૯૨૩ માં પ્રગટ થયું. તેના પર બંગાળી લોકસાહિત્ય - સંશોધક દક્ષિણારંજન મિત્રમજમુદારના 'ઠાકુરમાર્ ઝૂલી' ની અસર છે. મેઘાણીએ આ પુસ્તકની પ્રસ્તાવનામાં નોંધ્યું છે: " બીજા પ્રાંતો પૈકી બંગાળાએ તો પોતાની રૂપકથાઓને સાંગોપાંગ હાથ કરી લીધી છે. એ કથાઓના નિરનિરાળાં પાઠંતરોના કંઇ નહિ તો દસેક સંગ્રહો ત્યાં બહાર પડી ગયા છે, અને 'દાદાજીની વાતો' માફક અસલી દાદાશૈલીને આબાદ સ્વરૂપે રજૂ કરનારો સંગ્રહ "ઠાકુરદાર્ ઝૂલી" નામનો ગણાય છે."[૨૩] આ પુસ્તકમાં કુલ પંદર કથાઓ છે, પરંતુ તેમાંની મોટા ભાગની કથાઓ કરુણરસથી રંગાયેલી છે. તેથી શ્રી મહેન્દ્ર મેઘાણીના સૂચનથી મેઘાણીએ સાતમી આવૃત્તિ પૂરી થયા પછી એ પુસ્તકને નામશેષ બનાવ્યું છે. 'દાદાજીની વાતો' પુસ્તકના અંત ભાગમાં એમાંની પાંચ કથાઓ મૂકી છે. તેમાં 'સાચો સપૂત', 'સોનાની પૂતળી', 'મયૂર રાજા', 'અજબ ચોર', અને 'ચંદ્ર અને બુનો'નો સમાવેશ થાય છે. આ બધી જ બાળકથાઓ રૂપકથાના સુંદર નમૂના છે.

'સાચો સપૂત'માં રાણી ચકલીના માળાને જોઇને રડે છે, અને રાજાને કહે છે કે આ ચકલી એના બચ્ચાંને મારે છે, કારણ કે તે એની સગી મા નથી. " હું મરી જઇશ પછી મારાં બચ્ચાંની પણ આવી દશા થશે, માટે મને રડવું આવ્યું." રાજાએ સધિયારો આપ્યો કે પોતે નિર્દય નથી. તેણે ફરી વાર ન પરણવાના સોગંદ લીધા. છતાં રાજા ફરી વાર પરણ્યા, નવી માતાના ત્રાસથી કંટાળીને રાજકુંવર અને રાજકુંવરી મંદિરમાં ભેગાં થયાં અને ત્યાંથી ભૈરવભાઇ સાથે પરદેશ જવા ઊપડયાં. ચકલીના માળાને લગતી આવી જ વાર્તા ગોવર્ધનરામ ત્રિપાઠીની નવલકથા 'સરસ્વતીચંદ્ર ભાગ-૧' માં આવે છે. આ નવલકથામાં બાબુની વાર્તાના નામે આવું કથાનક મૂકયું છે. એ જોતાં ગુજરાતીમાં આ કથાનકનો કેવો વિકાસ થયો તે સંશોધવું જરૂરી બને છે.

'સોનાની પૂતળી' માં હીરા નામની રાજકુમારીનું નિરૂપણ છે. તેને પોતાના સૌંદર્યનું અભિમાન હતું. તેનો કરુણ અંજામ આવે છે. તે સોનાની નિર્જીવ પૂતળી બની ગઇ અને રાજમહેલને શોભાવવા લાગી. આ પ્રસંગ બન્યા પછી એ દેશમાં માણસો અભિમાન કરતા અટકી ગયા.

'અજબ ચોર' માં ચીબરી નામના પંખીની બોલીનું 'મોટિફ' ચોરના સંદર્ભમાં સરસ રીતે ગૂંથ્યું છે. આ તમામ વાર્તાઓ પરીકથા (Fairy tale) જેવી છે. એમાં બાળકોને સીધો કે આડકતરો ઉપદેશ અપાયો છે.

મેઘાણીના લોકકથાના પુસ્તકોમાં 'સૌરાષ્ટ્રની રસધાર' ના પાંચ ભાગો સૌથી વધુ લોકપ્રિય નીવડયા છે. પરંતુ આ કથાઓ શુધ્ધ લોકકથાઓ નથી. એનું કારણ એ છે કે એમાં મેઘાણીની વ્યકિતગત

સર્જકતાના રંગો ઉમેરાયા છે. એમનો ઘાટ પણ નવલિકાના સ્વરૂપને મળતો આવે છે. એમાં લોકજીવનના તળપદા રંગો અને લોકબોલીનો અર્થક્ષમ વિનિયોગ થયો છે, તેથી તે લોકકથાનો આભાસ ઊભો કરે એ સંભવિત છે. પરંતુ એમને લોકકથાઓ તો ન જ કહી શકાય. એમાં ઐતિહાસિક, સામાજિક વિષયો પર લખાયેલી કથાઓ ધ્યાનપાત્ર છે. આ કથાઓના ઊંડાણમાં વહેતો સોરઠી લોકજીવનનો પ્રવાહ તેમને કલાત્મક બનાવે છે, અને આગવું વાતાવરણ બક્ષે છે.

'સૌરાષ્ટ્રની રસધાર ભાગ-૧' માં કુલ ૨૪ કથાઓ છે. એમાં કથનપધ્ધતિ - વર્ણનપધ્ધતિની દૃષ્ટિએ લોકકથાના કેટલાક લક્ષણો ધરાવતી કથાઓ નીચે પ્રમાણે છે:- 'ગરાસણી', 'આહીરની ઉદારતા', 'ભોળો કાલ્યાળ', 'આહીર યુગલના કોલ', 'દેપાળદે', 'ચાપરાજ વાળો', 'આઇ કામબાઇ' અને 'સાંઇ નેહડી'. ~~લોકકથા કે "એલેઠ" કશું નથી આ દુહાના ઝુમખામાં કથાતત્વ કયાં છે ?~~

'ગરાસણી' કથા એના લાઘવને કારણે ધારદાર અને અસરકારક બની છે. ક્ષત્રિયાણીના ખમીરને નીચેના શબ્દોમાં વ્યક્ત કર્યું છે:
" રૂપાળીબાએ એક આડું ખેંચ્યું અને નીચે બેસી કડલા ખોલનારા બે જણાની ખોપરી માથે અક્કેક ઘા કર્યો. બંનેની ખોપરી ફાટી ગઇ. બેય જણા ધરતી પર ઢળ્યા. ત્યાં તો ગરાસણીને શૂરાતન ચડી ગયું; આડું લઇને એ કૂદી પડી. દસ માણસોની લાકડી પોતાના અંગ પર પડતી જાય છે. માર વાગતાં પોતે ગોઠણભર થઇ જાય છે, પાછી ઊઠીને આડાનો ઘા કરે છે. એ ઘા ચંડીરૂપે ઘૂમતી ક્ષત્રિયાણીનો ઘા - જેના પર પડે છે તેને ફરી વાર ઊઠવા નથી આપતો."[૨૪] આ કથામાં

એક લોકવાયકાનો નિર્દેશ છે કે, "ચમક ઊપડે એટલે માણસ મરી જાય." કથાને અંતે, ગરાસણીના મૃત્યુ દ્વારા એને સમર્થન અપાયું છે.

"આહીરની ઉદારતા"માં છોકરીઓ લોકગીત ગાય છે:

" ઓલ્યા પાંદડાને ઉડાડી મેલો
હો પાદડુ પરદેશી !
ઓલી મોતડીને ઉડાડી મેલો
હો પાદડુ પરદેશી !
એનો સાસરો આણે આવ્યા
હો પાદડું પરદેશી !
મારા સાસરા ભેળી નૈં જાઉં
હો પાદડુ પરદેશી !
એનો પરણ્યો આણે આવ્યા
હો પાંદડું પરદેશી !
મારા પરણ્યા ભેળી ઝટ જાઉં
હો પાદડુ પરદેશી !"

આ ગીત નાયિકા સોનબાઇના મનોભાવોને આબેહૂબ વ્યક્ત કરે છે. તળપદા લોકજીવનમાં જોવા મળતો પરાયાપણાનો ભાવ અહીં ઘૂંટાઇ ઘૂંટાઇને વ્યક્ત થયો છે.

'આહીર યુગલના કોલ' માં છકડિયા દુહા (છ ચરણના દુહા) જોવા મળે છે. કથાના અંત ભાગમાં બે ચરણનો દુહો પણ છે: " નાગી નિહાળી જોય, પોળાં મન પાથરીએ નહિ, કાઠ ચડયાં નહિ કોય, (આ તો) ધંધે લાગ્યાં ધમળાઉત !" અહીં પ્રયોજાયેલ "ધમળાઉત" શબ્દનો અર્થ ધમળાના પુત્ર એવો થાય છે. આવા શબ્દો "સુરાઉત"

(સૂરા ખાચરનો પુત્ર) 'ભીમોરાની લડાઇ' કથામાં, 'કાશપરાઉત' (કાશ્યપનો પુત્ર) 'ઓઢો ખુમાણ' કથામાં; અને 'એભલરાઉત', 'એભાઉત' (એભલ રાજાનો પુત્ર) 'ચાપરાજ વાળો' કથામાં પ્રયોજાયા છે. 'ચાપરાજ વાળો', 'આઇ કામબાઇ' અને 'સાંઇ નેહડી'માં પણ પ્રસંગોપાત્ત દુહા ટાંકેલા જોવા મળે છે.

'સૌરાષ્ટ્રની રસધાર-૨'માં કુલ ૨૦ કથાઓ છે. 'રા' નવઘણ' ઐતિહાસિક કથાનક પર રચાયેલી કથા છે. 'રસધાર'ના બીજા ભાગમાં સોરઠી લોકબોલીનું પ્રાચુર્ય જોવા મળે છે. કથાનું વાતાવરણ આબેહૂબ ખડું કરવા માટે એ જરૂરી છે એવી મેઘાણીભાઇની માન્યતા હતી. આશ્રિત નવઘણને સ્વીકારતાં દેવાયતની પત્ની કહે છે: " તમતમારે હવે ઉચાટ કરશો મા. મારે તો એક થાનોલે વાહણ અને બીજા થાનોલે આ આશ્રિત. બેયને સગા દીકરાની જેમ સરખા ઉછેરીશ. જાહલ તો વાટયમાં પડીપડીય વધશે. એને વાધો નહિ." ૨૫ 'પરણેતર' કથામાં રાણાવાવ ગામના કણબી ખેતો પટેલ, તેની દીકરી અંજુ અને કણબી સાથી મેપાના પ્રસંગો ગૂંથાયા છે. અંજુ અને મેપાનો ગુપ્ત પ્રણય કથાનું કેન્દ્રબિંદુ છે. કથામાં 'આતો' શબ્દ આવે છે, તેનો અર્થ બાપ થાય છે એવી નોંધ સંપાદકે પાદટીપમાં મૂકી છે. કથાનો ભવ્ય અને કરુણ અંત હૃદયસ્પર્શી બન્યો છે.

'સૌરાષ્ટ્રની રસધાર ભાગ-૩'માં કુલ ૨૨ કથાઓ છે. ગ્રંથને અંતે સંપાદકે શબ્દ - કોશ અને કાઠી-ચારણી ભાષાની ખાસિયતો વિશે વિગતપૂર્ણ નોંધ મૂકી છે, જે ચારણી બોલીના અભ્યાસમાં ખપ લાગે તેવી છે. આ ત્રીજા ભાગની પ્રસ્તાવનામાં સંપાદકે નોંધ્યુ છે: " પ્રથમ ભાગમાં કોઇ ચોક્કસ ભાષાશૈલી નહોતી સ્વીકારી. બીજા

ભાગમાં સોરઠી પરિભાષા તથા વાક્યરચના લાવવાની શરૂઆત થઈ. ત્રીજા ભાગમાં એ અસલી ભાષાશૈલીને જરા જોર અપાયું છે. જેની જીવનકથાઓ આલેખાય છે તેઓની જ ભાષા યોજાવી જોઈએ – નહિ તો ભાવો માર્યા જાય છે, ને અસલી જીવનની જોરદાર છાપ ઊઠતી નથી, અને ભાષા તો જીવનની તસ્વીર છે, માનવ-ઈતિહાસની જિહ્વા છે: એને ન ઓળખીએ તો જીવનની સાચી ઓળખાણ કયાંથી ?"[26]

'ઘોડી અને ઘોડેસવાર' એ મેઘાણીભાઈની બહુ ચર્ચાયેલી કલાત્મક કથા છે. એની શૈલી ચારણી પધ્ધતિની છે. શરૂઆત ત્રણ દુહાથી થાય છે. એક ચારણ માણકીના પરાક્રમની વાત ડાયરામાં માંડીને સંભળાવે છે. પ્રા. પુષ્કર ચંદરવાકરે નોંધ્યું છે:"'ઘોડી અને ઘોડેસવાર' કથાનો પ્રારંભ ચારણી શૈલીનો છે, અને ચારણોની વાર્તાકથનરીતિ કાયમ કથ્યશૈલીની છે. તે કથામાં ત્રણેક દોહાઓ આપી વાર્તાની ભૂમિકા બાંધી આપી ચારણ વાર્તા કઈ રીતે, કેવી ઠાવકી આવડતે વાત કરતો હશે, તે કથાના પુરોભાગમાં મૂકીને તેમણે કથાને ભારે રૂપકડો ઉઠાવ આપ્યો છે. રસદૃષ્ટિએ, સૌંદર્યદૃષ્ટિએ અને વાર્તાની વૈજ્ઞાનિક બાંધણીની દૃષ્ટિએ આ રીતિ મહત્ત્વની ભાસે છે. કથ્યપ્રકારની વાર્તાના વર્ણનમાં પણ જોમ અને ગતિ હોવાં જરૂરી છે."[27] આ કથામાં શેત્રુંજી નદીનાં ધસમસતાં પૂર, વહેતો ત્રાપો, ત્રાપા ઉપર બેઠેલાં કાઠિયાણી અને બાળક, ત્રાપાના દોરડા પર થઈ ઉપર ચડતો નાગ, માણકી વગેરેનું વર્ણન રોચક શૈલીમાં કરવામાં આવ્યું છે.

'ઘોડાંની પરીક્ષા'માં લખી નામની ઘોડીનું પરાક્રમ વર્ણવાયું છે. લખાવટની દૃષ્ટિએ આ કથા ટૂંકી વાર્તાની નજીક બેસે તેવા ઘાટની બની છે. પરંતુ એમાંની ગતિશીલતા, રૂંવાડાં ખડાં કરી દે તેવાં વર્ણનો વગેરે કથાને આસ્વાદ્ય બનાવે છે.

'સૌરાષ્ટ્રની રસધાર ભાગ-૪' માં કુલ ૧૮ કથાઓ છે. ગ્રંથના અંત ભાગમાં બે પરિશિષ્ટોમૂકયાં છે, જેમાં 'માણસિયાનું મૃત્યુગીત' અને 'અણનમ માથાં'નું બૅલેડ એમ બે કૃતિ મૂકી છે. આ બંને કૃતિ અંગ્રેજી બૅલેડ પ્રકારની પદ્યકૃતિ છે. 'અણનમ માથાં' નું બૅલેડ જામનગર તાબે જાબુડા ગામના મીર કરમણ કૃષ્ણા ચોટાળાનું રચેલું 'નિશાણી' નામનું પ્રાચીન કાવ્ય છે. એમાં કુલ ૧૭ નિશાણી (પેટા વિભાગો) છે. સંપાદકે કૌંસમાં સરલ ગુજરાતીમાં સમજૂતી આપી છે. પરંતુ કાવ્યના કેટલાક અર્થો સૂઝી શકયા નથી એવી નોંધ પણ મૂકી છે.

'હોથલ', 'ઓળીપો' અને 'દસ્તાવેજ' લોકકથાના અંશો ધરાવતી કથાઓ છે, જો કે સ્વરૂપની દૃષ્ટિએ તે ટૂંકી વાર્તા જેવી બની છે. એમાં લોકકથાનાં અંશો પડયા છે, તેમ છતાં તેમને શુધ્ધ લોકકથા ન કહી શકાય. 'હોથલ' પ્રેમ-શૌર્યને વિષય બનાવતી કથા છે. એમાં પણ ઠેર ઠેર દુહાનો વિનિયોગ થયો છે. 'ઓળીપો' દાંપત્યજીવનમાં દેખાતી કરુણતાને વાચા આપતી કથા છે. લાઘવના ગુણને કારણે તે ટૂંકી વાર્તાની નજીક બેસે છે. 'દસ્તાવેજ' કથાનો પાયો વાણિયાએ દસ્તાવેજમાં લખાવી લીધેલા શબ્દોમાં રહેલો છે: "એક હજાર પૂરા ન ભરું ત્યાં સુધી બાયડીને મા બેન સમજીશ." આને કારણે રજપૂત પોતાની પથારીમાં પોતાના અને પત્નીના શરીરની વચ્ચે તલવાર આડી મૂકતો હતો. પ્રણયની ઝંખના આ કથાનું બળવાન અંગ બને છે.

'સૌરાષ્ટ્રની રસધાર ભાગ-૫' માં કુલ ૧૪ કથાઓ છે. એમાં 'કરિયાવર', 'બાંરવટિયો', 'શેત્રુંજીને કાંઠે' જેવી કથાઓ વિષય તથા નિરૂપણની દૃષ્ટિએ ધ્યાનપાત્ર બની છે. 'શેત્રુંજીને કાંઠે' માં લોકજીવનની

વિવિધતા અને વિશેષતા નિરૂપતા સંખ્યાબંધ દુહા પ્રયોજાયા છે, અને તે લોકકથાના જેવું અસલી વાતાવરણ ખડું કરે છે. આણલદેનું અનિચ્છાએ ઢોલરા સાથે લગ્ન થયું એ એના જીવનની એક કરુણતા છે. ઢોલરો પોતાની પત્ની દેવરાને સોંપવા આવે એ એક બીજી કરુણતા છે. લેખકે અહીં સમાજજીવનના અનેક પ્રશ્નો છેડ્યા છે, અને કેટલાકનો ઉકેલ પણ આપ્યા છે.

રસધારની કથાઓમાં લોકજીવનના રંગો ઠેર ઠેર રહેલા હોવા છતાં, તેમાં મેઘાણીભાઇનો સર્જકત્વની છાપ ઝિલાયેલી છે, એટલું જ નહિ એમાં લેખક તરીકે – સંપાદક તરીકે નહિ–એમનું નામ મુકાયેલું છે. આ બધું જોતાં એને શુધ્ધ લોકકથાઓના ક્ષેત્રમાં મૂકી ન શકાય.

'કંકાવટી ભાગ–૧ અને ૨' એ વ્રતકથાઓનો સંગ્રહ છે. પહેલા ભાગમાં ૬ વ્રતકથાઓ કુમારિકાઓને લગતી છે, અને ૧૨ વ્રતકથાઓ સૌભાગ્યવતી સ્ત્રીઓને લગતી છે. અંતે મૂકેલી ૧૯ મી વ્રતકથા 'ઉબાઝાકુરા' એ જાપાની વ્રતકથા છે. વ્રતકથાઓની ડોસીપુરાણને નામે વગોવણી થઇ છે, તેના સંદર્ભમાં મેઘાણીભાઇએ પહેલી આવૃત્તિના નિવેદનમાં નોંધ્યું છે: " જે ડોસીપુરાણ આજે પાખંડમાં પરિણમ્યું છે, તેની હિમાયત કે ધાર્મિક પ્રચાર ખાતર આ સંગ્રહ નથી. આ બધું તો શુધ્ધ કંઠસ્થ લોકસાહિત્યની સંશોધનદૃષ્ટિએ જ સંઘરાયું છે. કેમ કે આ સાહિત્યની અંદર આપણા સામાજિક ઇતિહાસનાં પગલાં પડેલાં છે. એ ધૂળમાંથી આપણે તો સોનું જ ધમવાનું છે. નવા યુગના ચણતર કાજે, લઇ શકાય તેટલી સામગ્રી પણ આ ખંડિયેરમાંથી લેવાની છે."[૨૮] આ સંગ્રહ કરવા પાછળનો સંપાદકનો આશય માત્ર સાહિત્યના સંશોધનનો જ છે, ધાર્મિક કે ઇતર કશો આશય નથી. વ્રતકથાઓના સંપાદનમાં

મેઘાણીને સૂરતના શ્રી દયાશંકર શુકલ, ભાવનગરનાં સૌ. મોંઘીબહેન ઠક્કર, 'બીજબા', 'ફઇબા', કંચનબહેન ઠક્કર, નર્મદાબહેન રાવળ, ગૌરીશંકર ચાતુર્વેદી વગેરેની સહાય મળી છે. 'કંકાવટી'માંનાં બધા જ વ્રતો સ્ત્રીઓને લગતાં છે, અને તેનું અનુમોદન જાપાની વ્રતકથામાંથી પણ મળે છે. મેઘાણીભાઇ વ્રતકથાઓમાં સમાજજીવનનું પ્રતિબિંબ નિહાળે છે. તેમણે લખ્યું છે: " પરંતુ એ ડર કરતાં મારી સંશોધનવૃત્તિ વધુ સબળ નીવડી, મને લોકસાહિત્યમાં શ્રધ્ધા હતી; ધર્મનો હું પ્રેમી નહોતો. લોકસાહિત્યને હું સમાજના હજારો વર્ષના જીવનઇતિહાસને અજવાળનાર એક દીવો માનતો હતો, આજે પણ એ મારી માન્યતા છે. એ માન્યતા આજે તો જોરાવર બની છે."[२६] ધાર્મિક અભિગમને બાજુએ રાખીએ તો પણ સમાજજીવનના સંદર્ભમાં આવી વ્રતકથાઓને જોવી-તપાસવી જોઇએ. ઝેરનાં પારખાં હોય નહિ, તેમ ધર્મશ્રધ્ધાને વિજ્ઞાનની કસોટીએ ચઢાવી શકાય નહિ.

'કંકાવટી'ની વ્રતકથાઓમાં પ્રસંગોચિત પદ્યપંક્તિઓ આવે છે. આમ, આ કથાઓ ગદ્યપદ્ય મિશ્રિત વ્રતકથાઓ છે. 'અહલીપહલી' વ્રતકથામાં કુમારિકાઓના એક વ્રતની કથા છે. કન્યાઓ આઠ દિવસ દાણા ઉઘરાવે અને એ દાણાનો ખજૂર લે. પૂનમની હોળીનાં દર્શન કર્યા પછી સહુ હળીમળીને એ ખજૂર ખાય. એનું નામ અહલીપહલી. 'અહલીપહલી' નો અર્થ ખોબો અથવા અરધો ખોબો થાય છે.

'વીરપસલી' શીર્ષક હેઠળની બે કથાઓ વીરપસલી માતાના અનુલક્ષમાં ભાઇ-બહેનના પ્રેમનો મહિમા ગાય છે. વીરપસલી માતાને પ્રતાપે એરુના સાત કટકા થઇ ગયા અને બહેનનો ભાઇ મૃત્યુના પંજામાંથી બચી ગયો.

'શીતળા સાતમ' વ્રતકથામાં શીતળા માતાના સંદર્ભમાં દેરાણી-જેઠાણી અને તેમના બાળકોની કથા આવે છે. આ કથામાં ગાય, તલાવડી, મગરમચ્છ, સાંઢણી, આંબો, પાડો વગેરેના 'મોટિફ' કથાપ્રવાહને વેગ આપવા માટે ગૂંથી લીધા છે. શીતળા માતા એ 'મોટિફ' અંતર્ગત આવતાં પાત્રો-પદાર્થોને પોતપોતાની આપત્તિમાંથી મુક્ત કરે છે.

જાપાની વ્રતકથા 'ઉબાઝાકુરા'માં ધર્મની દીકરી માટે ધાવે આપેલા બલિદાનની કથા છે. મરતાં મરતાં ધાવે ફ્યુદો-સામાના દહેરામાં છોકરીને માટે એક ઝાડ વાવવાની માનતા માની હતી. છોકરીના બાપે તે પૂર્ણ કરી. ધાવની મરણતિથિને દિવસે સ્તનની ડીંટડીના આકારનાં ગુલાબી અને ધોળાં ફૂલો ખીલે છે. એને માથે દૂધનું અક્કેક ટીપું બાઝેલું હોય છે. આ કથામાંના 'આસામીમૂરા', 'તોકૂબી', 'થીહોજી', 'ફ્યુદો-સામા', 'ઉબાઝાકુરા' (ધાવનું વૃક્ષ) વગેરે જાપાની ભાષાના શબ્દો પ્રયોજાયા છે, જે આબેહૂબ વાતાવરણ ખડું કરવામાં ઉપકારક બન્યા છે. આપણા દેશની, પરપ્રાંતની, આવી કથાઓ મેઘાણીએ આપી હોત તો તુલનાત્મક અભ્યાસ માટેની નવી ક્ષિતિજો ખૂલી શકી હોત.

'કંકાવટી ભાગ-૨' માં કુલ ૨૭ જેટલી વ્રતકથાઓ છે. 'જાઇ રૂડી' જેવી કથામાં છોકરીનું કલ્યાણ કેવી રીતે ઇચ્છવામાં આવતું તેનું મિતાક્ષરી વર્ણન છે. આમાં 'જાઇ' (દીકરી), 'આઇ' (માતા) જેવા લોકબોલીના શબ્દોનો પ્રયોગ ધ્યાનપાત્ર બને છે.

'ગોર્ય (ગોરી) વ્રતનું ગીત' સળંગ પદ્યમાં વહે છે તેથી એને ગદ્યાત્મક 'વ્રતકથા' ન કહી શકાય. જો નામ આપવું જ હોય તો 'વ્રતગીત' કહી શકાય. સંપાદન કરવાના ઉત્સાહમાં મેઘાણીભાઇ આવી ઝીણી ઝીણી વિગતો ધ્યાનમાં રાખી શકયા નથી, તે આ કથા તપાસતાં સ્પષ્ટ થાય છે.

'ભાઇબીજ' માં કારતક મહિનાની અજવાળી બીજને દિવસે બહેન જે વ્રત કરે છે તેની કથા છે. આ દિવસે સામાન્યત: ભાઇ બહેનને ઘેર જમવા આવે છે અને યથાશકિત ભેટ આપી જાય છે. જો કે બહેન તો બદલાની અપેક્ષા રાખ્યા સિવાય ભાઇનું ભલું વાંછે છે.

આ બીજા ભાગમાં સંપાદકે વર્ણાનુક્રમે સોરઠી બોલીનો શબ્દકોશ આપીને તેના અર્થો આપ્યા છે, એ કામ ભાષાકીય દૃષ્ટિએ મહત્ત્વનું છે. મેઘાણીભાઇએ સૂઝપૂર્વક આવી ચીવટ રાખીને ઉમદા કાર્ય કર્યું છે, જે આવકાર્ય છે. પરંતુ આવી ચીવટ બધા જ ગ્રંથોમાં રાખી હોત તો ચારણી બોલીના અભ્યાસમાં તે વધુ મદદરૂપ થાત.

'દાદાજીની વાતો' પણ 'ડોસીમાની વાતો' જેવો જ લોકકથાનો સંગ્રહ છે. આ કથાઓ ઉપર બંગાળી લોકસાહિત્ય-સંશોધક દક્ષિણારંજન મિત્રમજમુદારના પુસ્તક 'ઠાકુરદાદાર્ ઝૂલી' ની વિશેષ અસર જણાય છે. સંપાદક મેઘાણીભાઇએ આવી કથાઓ રજૂ કરીને કથાસાહિત્યની નવી ક્ષિતિજો બતાવી છે. તેમણે આ પુસ્તકની બીજી આવૃત્તિના નિવેદનમાં લખ્યું છે:" 'દાદાજીની વાતો' લોકસાહિત્યના મેદાનમાં નવા જ સાહસરૂપે ઝુકાવેલી. અને તે સાહસ સફળ બન્યું છે. ઘણાં વાચકોએ એને એક જ બેઠકે પૂરી કરી હોવાનું પ્રમાણપત્ર આપ્યું છે:

નાના મોટા બાળકોએ પણ છટાદાર ચારણી જોશ સાથે એ વાતો મોટા અવાજે વાંચી શુધ્ધ બલદાયી કલ્પનાના વિહાર માણ્યા છે."[30] આ ગ્રંથમાં પાંચ લોકકથાઓ છે – 'મનસાગરો', 'સિંહાસન', 'વિક્રમ અને વિધાતા', 'વિરોજી' અને 'ફૂલસોદાગર ને ફૂલવંતી'. ગ્રંથારંભે સંપાદકે 'લોકસાહિત્યની નવી દુનિયા' નામે વિસ્તૃત માહિતીસભર પ્રવેશક મૂકયો છે. 'મનસાગરો' અને 'ફૂલસોદાગર ને ફૂલવંતી' એ બંને લોકકથા પરીકથા (Fairy tale) ના નમૂના છે. પ્રો. ક્રેપના મત પ્રમાણે "પરીકથાઓ અસંસ્કૃત માનવ કંઇક સંસ્કારી બન્યો ત્યારે રચાઇ હોય. આવી કથાઓમાં કથાતત્ત્વને વિકસવા માટે કથા કથનાર કલ્પનાના દોરને ખૂબ છૂટો મૂકીને કથા કથતો હોય છે. આવી કથાઓમાં અ-માનવપાત્રો પણ માનવપાત્રો જેમ જ કથાના સંચાલકબળ તરીકે મહત્ત્વનો હિસ્સો આપતાં હોય છે."[31] આ પ્રકારની કથા-ઓમાં કલ્પનાતત્ત્વનું પ્રાચુર્ય હોય છે, કારણ કે તેનું પ્રયોજન મુખ્યત્વે તો બાળકોને મનોરંજન આપવાનું હોય છે.

'મનસાગરો' માં રાજા સૂવરની પાછળ પડે છે ત્યારે કયાં સુધી આગળ નીકળી જાય છે તેનું રસિક વર્ણન છે. રાજાને એનો પ્રધાન મનસાગરો જંગલમાં પણ સાથ અને સહકાર આપે છે. મનસાગરો પથ્થર બની ગયો હતો. તે સજીવન થાય એવી શકયતા પણ હતી. વખત જતાં રાજાનો કુંવર શેરડી ખાતાં આંગળીએ ઘવાય છે, રકત પથ્થર સજીવન થયો, મનસાગરો અસલ સ્વરૂપે બેઠો થયો. આ કથામાં નાગ-નાગણીનું 'મોટિફ' સરસ રીતે ગૂંથાયું છે, અને તે કથાને વેગ આપવામાં ઉપકારક પણ બન્યું છે.

'ફૂલસોદાગર ને ફૂલવંતી'માં દરિયાકાંઠો, બારું, નાંગરેલાં વહાણો વગેરેનાં શબ્દચિત્રો આલેખાયાં છે. વહેમ અને અંધશ્રધ્ધાનું અહીં નિરૂપણ જોવા મળે છે. "ભાઇ, બાર વહાણ તો ભોઠાં પડીને દરિયામાં બૂડયાં છે. દરિયાપીરને ભોગ દેવો પડશે." પ્રકૃતિનું મનોહર વર્ણન કથાને એક પ્રકારની તાજગી બક્ષે છે તેની અવશ્ય નોંધ લેવી જોઇએ.

'સોરઠી બહારવટિયા' ના ત્રણ ભાગો મેઘાણીના 'રસધાર' પછીનાં સુખ્યાત લોકકથાઓનાં પુસ્તકો છે. જો કે આ પુસ્તકોને શુધ્ધ લોકકથાના ક્ષેત્રમાં મૂકી શકાય તેમ નથી. તેનું મુખ્ય કારણ એ છે કે સંપાદકે રખડીરઝળીને કાચી સામગ્રી મેળવ્યા પછી પોતીકી શૈલીએ કથાઓ લખી છે. એમાં પરંપરાગત લોકકથાના જેવી કથન-પધ્ધતિ - કહેણીની પધ્ધતિ પણ જોવા મળતી નથી. એમાં છૂટાછવાયા લોકકથાના અંશો પડેલા છે તે ખરું, છતાં તેને લોકકથાનું નામ આપવું મુશ્કેલ છે. લેખકે પ્રયોજેલા માધ્યમની દૃષ્ટિએ આ ગ્રંથોને તપાસવા જોઇએ. 'સોરઠી સંતો'માં ત્રણે ચરિત્રકથામાં સળંગ ગદ્યનું માધ્યમ પ્રયોજાયું છે, જ્યારે 'સોરઠી બહારવટિયા'ની કથાઓમાં ગદ્યપદ્યમિશ્રિત એવું અભિવ્યકિતનું માધ્યમ જોઇ શકાય છે. 'બહારવટિયા'ભાગ-૧ માં 'બાવા વાળો'ની કથામાં તો લાંબુ ચારણી લગ્નગીત મૂકાયું છે, તે નોંધપાત્ર છે.

'સોરઠી બહારવટિયા ભાગ-૧' માં કુલ પાંચ લોકકથા છે (૧) ભીમો જત (૨) બાવા વાળો (૩) ચાંપરાજ વાળો (૪) નાથો મોઢવાડિયો (૫) વાલો નામોરી.

આ બહારવટિયાનાં ટૂંકાં વૃત્તાંતો 'રસધાર'માં જોવા મળે છે, પરંતુ વિષયનો વ્યાપ, અભિવ્યક્તિ વગેરેની દૃષ્ટિએ બંને વૃત્તાંતોમાં મોટો તફાવત છે. મેઘાણીએ 'બહારવટિયા'ના પહેલા ભાગના નિવેદનમાં લખ્યું છે: " 'રસધાર'માં જોગીદાસ ખુમાણ, સંઘજી કાવેઠિયો આભો સોરઠિયો, હીપો ખુમાણ, વરજાંગ ધાધલ વગેરે – એમ છૂટક છૂટક બહારવટિયા આલેખાતા આવ્યા છે. પરંતુ આમાં તો સાંગોપાંગ સંગ્રહની દૃષ્ટિ છે. તમામ બહારવટિયાની – અને એ પણ તેઓની કાળી–ઉજળી બંને બાજુની, મળી શકે તેટલા તમામ ઘટના-પ્રસંગોની, માત્ર પ્રશસ્તિની જ નહિ, પણ સાથેસાથે નિંદ્ય ચારિત્ર્યદોષોની પણ— રજૂઆત કરવાનો આશય છે. માટે જ 'રસધાર'ની રંગખિલાવટ 'બહારવટિયા'માં મર્યાદિત દેખાશે."[32] 'રસધાર'નો અને 'બહારવટિયા'નો વીર ચાંપરાજ વાળો અલગ અલગ વ્યક્તિ હોય એમ લાગે છે તેનું કારણ પણ ઉપર્યુક્ત 'રંગખિલાવટ'માં રહેલું છે.

બહારવટિયાની કથાઓનું ઐતિહાસિક મૂલ્ય પણ છે. સમાજ-જીવનના પ્રશ્નોના અનુલક્ષમાં બહારવટાનાં કારણોની સમીક્ષા કરવી જોઇએ. એક રીતે બહારવટાનું મૂળ સમાજશાસ્ત્ર અને ઇતિહાસમાં રહેલું છે એમ પ્રતીત થાય છે. બહારવટિયાને લગતી વિગતો સંપાદકને શંકરપ્રસાદ હરપ્રસાદ દેસાઇ, રાણા આલા મલેક (ભીમા જતના કુટુંબી) અકાળા ગામના વાલજીભાઇ ઠક્કર, શ્રી ગગુભાઇ વગેરેની પાસેથી પ્રાપ્ત થઇ છે, તેની નોંધ પણ આપી છે. કિનકેઇડ સાહેબે 'આઉટલોઝ ઑફ કાઠિયાવાડ'માં બહારવટિયાનું ઉપરછલ્લું ચિત્ર આંકયું છે, અને તે એકપક્ષી છે. મેઘાણીએ આ ગ્રંથો દ્વારા પ્રામાણિક ચિત્રો આલેખવાનો અને બહારવટિયાની આસપાસ જિવાયેલા લોકજીવનનો ઇતિહાસ અજવાળે આણવાનો સનિષ્ઠ પ્રયાસ કર્યો છે.

બહારવટિયાની કથામાં ઐતિહાસિકતા કેટલી ? આ પ્રશ્નના સંદર્ભમાં મેઘાણીએ લખ્યું છે: "ભલે ઐતિહાસિકતા ઓછી રહી, લોકોની કલ્પના કદાચ હોય તો એ બતાવે છે કે લોકોની કલ્પના કેવા આદર્શોને વંદન કરતી હતી. લોકો પવિત્રતાના પૂજક હતા. એ લોકઆદર્શ લગભગ તમામ બહારવટિયાની વાર્તામાં સ્પષ્ટ ભાખે છે કે જ્યારે જ્યારે બહારવટિયો નેકીને માર્ગેથી લપટયો છે ત્યારે ત્યારે જ એનો નાશ થઓ છે. દેવતાઓની ગેબી સહાયતાની માન્યતા પણ એ જ કથા કહે છે."[33]

મેઘાણીએ 'બહારવટિયા ભાગ-3' માં બહારવટિયાની નીતિરીતિ પર પ્રકાશ પાડતો 'બહારવટાની મીમાંસા' નામનો ૮૦ પાનાંનો પ્રવેશક મૂકયો છે. 'બહારવટિયા ભાગ-૨' માં પણ મેઘાણીએ બહારવટિયાનાં કૃત્યોની સાંગોપાંગ છણાવટ કરી છે. એ છણાવટના મુદ્દા નીચે મુજબ છે:

૧. ઇતર દેશો તેમ જ પ્રાંતોના બહારવટિયા
૨. આપણે ત્યાં બહારવટિયાનાં પુસ્તકો
૩. સોરઠી બહારવટિયાઓના વિભાગો
૪. તેમનાં સંકટો
૫. તેમનાં ઠામઠેકાણાં, લશ્કરો, હથિયારો વગેરે
૬. બહારવટિયાના વહેમો, ઇષ્ટદેવની ઉપાસના
૭. નારી સન્માન
૮. શારીરિક તપશ્ચર્યા
૯. મોજીલી પ્રકૃતિ

૧૦. લૂંટફાટનાં કારણો
૧૧. ખેડૂતો પ્રતિ રોષ
૧૨. અંગ્રેજો પ્રત્યેની દાઝ, ગોરાઓની કતલ વગેરે
૧૩. લોકોનો સહકાર
૧૪. ઘાતકી આચરણો
૧૫. યુગ-સંસ્કારોનો અભાવ, ન રાષ્ટ્રભાવ, ન ધર્મભાવ
૧૬. તેમનાં પ્રશસ્તિ-ગીતો, રણકાવ્યો
૧૭. બહારવટિયાને શૂરવીર કહેવા કે નહિ ?
૧૮. મૂડીવાદના હત્યાકાંડો

આ કથાઓ સંપાદકને ક્યાંથી પ્રાપ્ત થઇ તેની નોંધ આપતાં મેઘાણીભાઇએ લખ્યું છે: "મને સાંપડેલા આ વૃત્તાંતો ઐતિહાસિક છે, અર્ધઐતિહાસિક કે અનૈતિહાસિક છે, તે નિર્ણય પર પહોંચવા માટે કોઇ સરકારી, દરબારી અથવા પ્રજાકીય દફતરો નથી. તેમ જ એ બધા કેવળ ચારણ ભાટનાં જ કથેલાં નથી. બહારવટિયાનાં સગાસંબંધીઓ, પોલીસ, અધિકારીઓ, ગ્રામ પ્રજાજનો, ખુદ બહારવટાંમાં શામિલ થયેલાઓ, નજરોનજરના સાક્ષીઓ વગેરે બન્યા તેટલા જૂજવા જૂજવા જાણકારોમાં ફરીને આ દોહન કર્યું છે. તેથી ઇતિહાસના અંધકારના અમુક અંશે પણ હું આ સામગ્રીને માર્ગદર્શક માનું છું."[૩૪]

'ભીમો જત' કથામાં ભીમા મલેકને પોતાની સાતી જમીન ખેડે છે તે ગુમાવવી પડે છે, કારણ કે તેણે બહારવટિયાને રોટલા આપવાનું કામ કર્યું હતું. ભીમો ગોંડલના કુંભાજી વિરુધ્ધ ન્યાયપ્રાપ્તિ માટે બહારવટે ચડે છે. આ કથાના પ્રસંગો સંપાદકને ભીમાની દીકરીના દીકરા રાણા આલા મલેકે સંભળાવ્યા હોવાથી વૃત્તાંત વિશ્વાસપાત્ર

જણાય છે. ભીમાના Codes of conduct વર્ણવતાં સંપાદકે નોંધ્યું છે કે, તે કોઇના નાક, કાન કાપતો નહોતો. કોઇને બાન પકડતો નહોતો. ગામ બાળતો નહોતો.

'બાવા વાળો'ની કથામાં સંપાદકે અંતમાં કેપ્ટન ગ્રાંટે પોતાના હાથનું લખેલું વૃત્તાંત ટાંક્યું છે, જે તુલનાત્મક અભ્યાસ માટે, સત્યાસત્યની ચકાસણી માટે, મદદરૂપ અને તેવું માહિતીપ્રદ છે.

'ચાંપરાજ વાળો' કથામાંનું, બહારવટું ખેલાતું હોય ત્યારે જે વાતાવરણ ઊભું થાય તેનું ચિત્રાત્મક વર્ણન જોવા જેવું છે—"રવિવારે સવારે આખા દાયરાએ હથિયાર પડિયાર બાંધીને ચોરે બેઠક કરી. બરાબર આ બાજુ કસૂંબાની ખરલો છલોછલ ભરાઇને પ્યાલામાં રેડી પીવાની તૈયારી થઇ, ગઢમાં ઊના રોટલા, ગોરસો અને ખાંડેલા સાકરના ગ્રાસ/ ભાતલાં પીરસવા સારુ તૈયાર ટપકે થઇ ગયા અને બીજી બાજુ ગામને પાદર ચાંપરાજ વાળાના મકરાણીઓની બંદૂકોના ભડાકા સંભળાયા. સબોસબ કસૂંબા પડતા મેલીને કાઠીઓ ચોરેથી કૂદ્યા. તલવારોની તાળી પડી અને ધાણી ફૂટે તેમ બંદૂકોમાંથી ગોળીઓ વછૂટી; માંડવડાનો કાંધો વાળો અને વરસડાનો બીજો કાંધો વાળો ટીંબલાની બજારમાં ઠામ રહયા, અને બાકીના કંઇક કાઠીઓ પાછલી બારીએથી પલાયન થઇ ગયા."[35]

સ્ત્રીસન્માન બહારવટાનો એક મોટો નીતિનિયમ (Code of conduct) હોય છે. આ શિષ્ટાચારને લગતો 'વાલો નામોરી' લોકકથામાંનો વાલાનો સંવાદ નીચે મુજબ છે." 'વાલા ભા ! આ બાજુએ' – સાથીએ સાદ કર્યો. 'શું છે ?'– વાલાએ ગરવે મોંએ પૂછ્યું. ' આહીં બાઇયું રાસડા રમે છે. હાલો, આકડે મધ તૈયાર છે.

ટપકાવી લઇએ.' 'જૂમલા !' વાલે ત્રાસી આંખ કરીને કહ્યું, 'ઓરતુંના ડિલ માથે આપણો હાથ પડે તો બહારવટાનો વાવટો સળગી જાય !' 'પણ ત્યારે કાઠિયાવાડથી ઠેઠ કચ્છ સુધીનો આંટો અફળ જાય !' 'સાત વાર અફળ. આપણાથી બેઇમાન ન થવાય.'"

વાલાનો એક સાથી બહારવટિયો સરકાર માટે કટુ વેણ બોલવાની તૈયારીમાં હતો. ત્યારે તેને એમ કરતાં રોકતાં વાલાએ કહ્યું, "જુવાનો ! નાડી અને જવાબ બે ચીજો સંભાળજો હો ! નીકર વાવટો ખાક થઇ ગયો જાણજો. ખુદાએ નાપાકનાં બા'રવટાં કદી નભાવ્યાં નથી."

'સોરઠી બહારવટિયા ભાગ-૨'ની પ્રસ્તાવનામાં સંપાદકે બહારવટિયાના નીતિ-નિયમો, બહારવટે ચડવાનાં કારણો વગેરે દર્શાવતી નોંધ મૂકી છે. વાઘેરોના બહારવટાની પ્રત્યક્ષ જોયેલી હકીકતો બેટનિવાસી રતનશી શેઠ, આરંભડા ગામનાં વાઢેલ કુળનાં ઠકરાણી પાસેથી પ્રાપ્ત થઇ છે તેનો ઋણસ્વીકાર કર્યો છે. આ બીજો ભાગ બે રીતે મહત્ત્વનો છે. એક તો, સંપાદકને જ્યારે જ્યારે વિગતો પ્રાપ્ત થઇ છે ત્યારે ત્યારે રહી ગયેલી ભૂલો કે કચાશો સુધારી લીધી છે. બીજી આવૃત્તિમાં જોધા-મૂળુને લગતી વિગતો, વિશ્વસનીય વિગતો મળતાં સુધારી લીધી છે. બીજું, જે તે બહારવટિ-યાનાં કાલ્પનિક સ્કેચ કે ચિત્રો તૈયાર કરાવીને કથાને પ્રારંભે મૂક્યાં છે.

આ બીજા ભાગમાં ત્રણ લોકકથા છે: (૧) જોગીદાસ ખુમાણ, (૨) જોધો માણેક : મૂળુ માણેક, (૩) જેસાજી વેજાજી.

કવિ ન્હાનાલાલે 'સોરઠી તવારીખના થરો' ઉખેળતાં જોગીદાસને અત્યંત માનભેર સંભાર્યા છે. અને તેઓ 'જોગી બહારવટિયો' કહીને ઓળખાવે છે. જોગીદાસ ભાવનગર રાજ્ય સામે બહારવટે ચડયા હતા, છતાં ભાવનગરના ઇતિહાસમાં તેમનું નામોનિશાન નથી. કેપ્ટન બેલ, વૉટસન, ભગવાનલાલ સંપતરામના ઇતિહાસમાં પણ તેનો ઉલ્લેખ જોવા મળતો નથી.

જોગીદાસે ભાવનગર રાજ્ય સિવાયનાં ગામો ભાંગ્યાં હોય એવું કયાંય સાંભળવામાં આવ્યું નથી. લૂંટ કરવામાં સીમાડો ભાવનગર-નો જ છે કે નહિ તેની પોતે ચોકસાઇ કરી લેતા. તેઓ સીમાડાના એવા પાકા માહિતગાર હતા, માટે જ અમરેલી – ભાવનગર વચ્ચેના સીમાડાની તકરાર ફેંસલા માટે એમને સોંપાઇ હતી એમ કહેવાય છે.

સં. ૧૮૭૫ માં ફીરંગીઓ સોરઠની ધરતીમાં ઊતર્યાં તે વખતે જોગીદાસ ખુમાણ સોરઠની ધરતીને રોકીને ઊભા રહયા હતા. આ હકીકતને લગતો દુહો 'જોગીદાસ ખુમાણ' કથામાં આવે છે: સંવત અઢાર પંચોતેરે ફળહળીઆ ફરંગાણ, ધર સોરઠ જોગો ધણી ખોભળતલ ખુમાણ.

સંધી સિપાઇઓએ પીરનો મોરલો મારીને, તેનું શાક બનાવીને ખાધું. પરિણામે તેમનું જોગીદાસને હાથે કેવું પતન થયું તેની રોમાંચક કથા 'મુંજાવર મુરાદશા' નામની પેટાકથામાં આવે છે. મુરાદશાએ જોગીદાસના મસ્તક ઉપર પોતાના બંને હાથ મૂકીને દુવા દીધી કે, "જોગીદાસ ! બચ્ચા ! પીર ધર્નતરશા તારાં રખવાળાં કરશે."

'રખાતની દીકરી' પેટાકથામાં જોગીદાસ પોતાની ઇમાની વ્યકત કરતાં કહે છે: "વજેસંગજીની કુંવરીના પોટલા આપણાથી કેમ ચૂંથી શકાય ? આપણે વેર તો છે વજેસંગની સાથે, દીકરી સાથે નહિ. ઇ તો આપણી દીકરી કહેવાય." બહારવટિયાનો એક શિષ્ટાચાર હતો કે દુશ્મનની દીકરીને પણ પોતાની દીકરી તરીકે જોવી. જોગીદાસ કહે છે:

" મહારાજના કુંવરીને કાંઇક કાપડું દઇ મેલીએ.
દીકરી જો જાણશે કે જોગીદાસ કાકો પાદર થઇને
પરબારા ગયા તો બહુ ધોખો કરશે !"

લોકવાયકા કહે છે કે જોગીદાસે સીમના કોઇ ખેડૂતની સાથે મહારાજ વજેસંગની રખાતની પુત્રી માટે પહેરામણીનું થોડું સોનું મોકલ્યું હતું.

પ્રસ્તુત કથાના અંત ભાગમાં મેઘાણીએ જોગીદાસ ખુમાણ વિશે એક 'ઐતિહાસિક બૅલેડ' મૂકયું છે. આ બૅલેડ ભાવનગર રાજ્યના રાજ-કવિ શ્રી પીંગળશીભાઇના જૂના ચોપડામાંથી પ્રાપ્ત થયું છે. એવો સંપાદકે ઉલ્લેખ કર્યો છે.

કિનકેઇડના 'Outlaws of Kathiawar' માં જોગીદાસ ખુમાણ વિશે અછડતો ઉલ્લેખ મળે છે. તેમણે કાઠિયાવાડના બહારવટિયા-ના ત્રણ વિભાગ પાડયા છે. (૧) ગીરાસીઆ બહારવટિયા (૨) વાઘેરો (૩) મિયાણા. પહેલા વિભાગમાં આંબરડીના જોગીદાસ ખુમાણનો સમાવેશ કર્યો છે. તેમણે લખ્યું છે, " આ જોગો ખુમાણ, ખરી રીતે તો બહારવટિયો નહિ, પણ બળવાખોર કાઠીઓની ટોળીનો સરદાર હતો. પરંતુ જોગો ખુમાણ તો મને મારા સંશોધનની અંદર મળેલા એક ઉત્કૃષ્ટ દુહામાંનો વીર હતો:

ધ્રૂવ ચળે મેરુ ડગે, મહીપત મેલે માન,
જોગો કીં જાતી કરે, ક્ષત્રીવટ ખુમાણ.

આ દુહાના સંદર્ભમા મેઘાણીભાઇએ પાદટીપમા લખ્યું છે કે 'મહીપત' ને બદલે 'મહદધ' શબ્દ મૂકવો જોઇએ. 'મહદધ'નો અર્થ સમુદ્ર થાય છે. આવી ઝીણી ઝીણી વિગતો પણ સંપાદકે ધ્યાનમા લીધી છે, તે એમની સંશોધનવૃત્તિનો પરિચય આપે છે.

જોધો માણેક અને મૂળુ માણેક એ બંને ભાઈઓ વાઘેર બહારવટિયા હતા. તેમના કેટલાક સદ્ગુણો પણ હતા. તેમણે ભાગતા દુશ્મનોને માર્યા નથી, શત્રુઓને પડકારી શૌર્ય ચડાવ્યું હતું, બહારવટિયાના નીતિનિયમો બરાબર પાળ્યા હતા. 'સૌરાષ્ટ્ર દેશનો ઇતિહાસ' મા ભગવાનલાલ સંપતરામે લખ્યું છે:" મને બીજો કોઇ ઠેઠ અને પીડાકારક વાઘેર મૂવા તેનું કંઇ તપતું નથી, પણ એક ઉચ્ચ ખાનદાન આખી ટોળી માટે જ તપે છે. અરે ! તે સર્વનો ઘાણ નીકળી ગયો. તેઓ સાવ અણસમજુ નહોતા. પણ તેઓને સોબતે ભૂલાવ્યા. હલકા વાઘેરોએ તેમના માથા ફેરવી નાખ્યા, અને વળી તેમા ગાયકવાડી જુલમે વધારે અસર કરી."

મૂળુ માણેક પડયો ત્યારે એક ચારણે દુહો લલકાર્યો:
નારીયું તો રંડાય, નર કેદિ રંડાય નહિ,
ઓખો રંડાણો આજ, માણેક મરતે મૂળવો.

[સ્ત્રીઓ તો રંડાય છે, પણ પુરુષ કદી રંડાતો નથી. છતાં આજ તો મૂળુ માણેક મરતાં ઓખો (ઓખામંડળ) કે જે પુરુષવાચક છે, તે રાંડી પડ્યો, નિરાધાર બન્યો.]

આ પ્રકારની લોકકથાને અંતે સંપાદકે ઐતિહાસિક માહિતી ક્યાંથી મેળવી તેની સૂચિ આપી છે, જે આ ક્ષેત્રના વધુ અભ્યાસ માટે ઘણી કીમતી સામગ્રી જેવી છે. તેથી જ મેઘાણીભાઇનું લોકસાહિત્ય સંશોધન-સંપાદન અ-વૈજ્ઞાનિક છે એમ કહીને તેનો સમૂળગો કાંકરો કાઢી નાખી શકાય નહિ.

'સોરઠી બહારવટિયા ભાગ-૩'માં ચાર લોકકથા છે: (૧) મહિયાનાં બહારવટાં (૨) કાદુ મકરાણી (૩) રામ વાળો (૪) મોવર સંધવાણી

બહારવટિયાઓને લગતી કથાઓ આપવાનું પ્રયોજન દર્શાવતાં મેઘાણીએ લખ્યું છે: " આ પિછાન કોઇ બહારનાંઓને નહિ પણ ખુદ આ ભૂમિનાં સંતાનોને જ કરાવવાની છે. આપણી લોકકથાઓ અને આપણાં લોકગીતોમાં પડેલી પ્રેમશૌર્યની ભાવનાઓ આ રીતે તાજી કરીને આપણી નવી પ્રજાએ એ દિલાવરી સંસ્કારના સાચા વારસદાર બનવાનું છે."

કિનકેઇડ જેવા ઇતિહાસકારે મહિયાનાં બહારવટાં વિશે કંઇ જ લખ્યું નથી. કેપ્ટન બેલે પોતાના 'History of Kathiawar' માં લખ્યું છે: "મહિયા નામની શાખાએ જૂનાગઢ પ્રદેશમાં હેરાનગતિ કરવા માંડી. જૂનાગઢ રાજ્યમાં ૧૨ ગામ ખાતા આ લોકોએ ઇ.સ. ૧૮૭૨-માં જૂનાગઢ પર ચૂડાસમા રા'ના વંશને ફરી વાર આણવા શહેર ઉપર હલ્લો કરેલો. આ કારણે તેઓનાં હથિયાર આંચકી લેવાયાં, એટલે તેઓ બહારવટે નીકળેલા, અને ઘણી મુસીબતે તેઓને ફોસલાવીને પાછા વાળેલા."[36] પરંતુ આ લખાણ એકપક્ષી છે, અને અર્ધસત્ય છે.

'કાદુ મકરાણી' કથામાંનો કાદુ બહારવટિયો જૂનાગઢ રાજ્યની સામે બહારવટે ચડયો હતો. તેણે કડાયા ગામના સિપાઈ-ઓને તેમની બંદૂકો ખાલી કરીને પાછી સોંપતાં કહ્યું, "ફિટકાર છે તમને, સિપાહીઓ ! પચીસ જણા કાદુની સામે કાલાવાલા કરો છો એમાં તમારી સિપાહીગીરી કયાં રહી ? પણ તમને સિપાહી-ગીરીની ઈજ્જત કરતાં જાન અને ઓરત વધુ વહાલાં છે. જાઓ, લઈ જાઓ હથિયારો !"

માંડણપુરાના એક મકરાણીની ફાતમા નામની દીકરી કાદુની વીરતા ઉપર જીવતર ઓવારી નાખવાનું નીમ લઈને બેઠી હતી. તેણે કાદુની સેવા કરવાની તત્પરતા બતાવી. ત્યારે કાદુએ પોતાના સંસ્કારોના પ્રતાપે કહ્યું: "બાઈ, તું આંહીંથી ચાલી જા. મારા બાલ બચ્ચાં મકરાણમાં જીવતાં છે ને હું આજ બહારવટે છું. મારું એ કામ નથી. મારાથી નેકીનો રાહ ન ચુકાય. અમે તારા બાપનો આશરો લઈએ છીએ, એટલે તું તો મારી બેન થા." ફાતમાએ એક તલવાર ભેટ આપવા માંડી, તેનો પણ કાદુએ અસ્વીકાર કર્યો અને તે ઘરની બહાર નીકળી ગયો. આવો જ પ્રસંગ બીજા નામઠામ સાથે મળ્યો છે, તેને પ્રત્યક્ષ પુરાવો આપનાર વ્યક્તિનું સમર્થન નથી.

ગીગો મહિયો, કાદુ મકરાણી વિશે ચોટદાર અને આધારભૂત માહિતી સંપાદકને શંકરપ્રસાદ હરપ્રસાદ દેસાઈ પાસેથી પ્રાપ્ત થઈ હતી, તેની પ્રસ્તાવનામાં નોંધ લીધી છે.

કાદુ અને જેઠસૂર ખુમાણના વૃત્તાંતના સંદર્ભમાં સંપાદકે પાદટીપમાં નોંધ્યું છે કે જેઠસૂર તો કાદુનો દોસ્ત હતો. લોકોએ કલ્પનાથી ખોટી વાતો ઘડી કાઢી છે. કાદુએ જેઠસૂરને નસાડી મૂકયો એ વાતને કોઈ ઐતિહાસિક આધાર મળતો નથી.

કાદુનાં પ્રશસ્તિ કાવ્યો પૈકીનો એક રાસડો 'રઢિયાળી રાત ભાગ-૨' માં આ પ્રમાણે છે:

ડુંગરે ડુંગરે કાદુડાના કાયરા !
દારૂગોળાની વાગે ઠારમઠોર રે મકરાણી કાદુ !

મેઘાણી માને છે કે રામવાળો એ કાઠિયાવાડનો છેલ્લો બહારવટિયો છે તે પછીના કાં તો ચોર છે કે લૂંટારા છે. બહારવટિયા તો મોટે ભાગે પોતાની સામે થયેલા અન્યાયો પ્રતિ ઝઝૂમે છે.

મોવર સંધવાણી એ મિયાણા બહારવટિયો હતો અને તે માળિયાના સત્તાધારીઓ સામે બહારવટે ચડયો હતો. તેણે લગભગ છ વર્ષ સુધી બહારવટું ખેલ્યું હતું.

મોવર સંધવાણીએ પોતાની પત્નીને બીજાના હમેલ રહયા એવું મહેણું મારવા બદલ ગિરધરલાલ કામદારનું નાક કાપી લીધું હતું. પાછળથી તેણે આબરૂદાર હાલતમાં જમાદારી કરી હતી.

'સોરઠી સંતો' એ ભકતોનાં જીવનચરિત્રોને રજૂ કરતી લોકકથાનો સંચય છે. આ ગ્રંથમાં ભકિત પ્રવાહનાં ત્રણ સ્થાનો દર્શાવ્યા છે, અને તેના પેટા પ્રવાહો પણ દર્શાવ્યા છે. મુખ્ય પ્રવાહો ત્રણ છે: (૧) પાચાળનું ભકતમંડળ (૨) દાના ભાગત (૩) વેલો બાવો. પહેલા પ્રવાહના ભકતોમાં મેપો, રતો, જાદરો અને ગોરખોનો સમાવેશ કર્યો છે. બીજા પ્રવાહમાં દાના ભગત ઉપરાંત તેની પરંપરામાં આવતા વીસામણ ભગત, ગીગા ભગતનો સમાવેશ કર્યો છે, અને ત્રીજા પ્રવાહમાં વેલો બાવો ઉપરાંત રામ બાવાનો સમાવેશ કર્યો છે.

સંતોના વિવિધ પ્રકારોનું મેઘાણીભાઇએ આ ગ્રંથના પ્રવેશક 'સોરઠનો ભક્તિપ્રવાહ'માં નીચે મુજબ વર્ગીકરણ આપ્યું છે:

"૧. લંગોટીધારી, ભભૂતધારી ગિરનારીઓ : ખાખી બાવાઓ: જેનાં મુકામો મુખ્યત્વે ગિરનાર ફરતાં મળે છે. ધુંધળીનાથ, સિધ્ધનાથ, કરેણીનાથ વગેરેની 'પટ્ટણ સો દટ્ટણ' જેવી અલગારી કથાઓ અહીં પ્રચલિત છે. તેઓ સહતર ત્યાગીઓ હતા. વસ્તીથી નિરાળા ગુફાવાસી કે તરુછાયાના નિવાસી હતા, તપસ્વી હતા. દુર્વાસાના વારસદાર ક્રોધી પણ હોવા જોઇએ. આજ એનો પંથ અતિ જાલિમ બન્યો છે. એ ગામડાંને શોષે છે.

૨. બિનભજનિક, ધંધાર્થી, સંસારભોગી સત્પુરુષો : ભેખ પહેરીને એકાંત તપશ્ચર્યા માટે અરણ્યમાં કે પર્વતોમાં ચાલી નીકળેલા નહિ પણ ગૃહ-સંસાર ચલાવતાં ચલાવતાં અથવા તો ફક્કડ અવસ્થામાં રહયે રહયે સુકૃત્યો – લોકસેવાનાં કૃત્યો કરે, વિકારોને જીતવા મથે.

3. ત્રીજો સમુદાય તે ભજનિક સંતોનો.

૪. ચોથો સમુદાય વાડીના સાધુઓનો : એટલે કે અન્ત્યજ ભકતોનો; જેમાં રહીદાસ ચમાર, ત્રિકમ ને ભીમ મેઘવાળ, દાસી જીવણ વગેરે નામો ઝળૂકે છે. એ વેલ તો બહુ ફૂલીફાલી છે. એની ફોરમો અનેરી છે. એની વાણીની તો જાણે 'ગુપત ગંગા' ફૂટી નીકળી છે. 'દાસી જીવણ'ના ભજનો મીરાંના પદોની યાદ આપે છે."[૩૭] સંતોના ચરિત્રાલેખનમાં સંપાદકે મુકતક, ગીત કે ભજનોને પણ ટાંકયાં છે અને એ રીતે રજૂઆતને સાધાર બનાવી છે. 'વેલો બાવો'માં તો ૩૦ જેટલાં ભજનોની એક શ્રેણી મૂકી છે. આ સંત-પરંપરામાં ચમત્કારો અને પરચાનું મહત્ત્વ રહેલું છે. સંપાદક લખે છે તેમ " આ 'સોરઠી સંતો'

ના પહેલા જ પાના પરથી પરચાની શરૂઆત થાય છે અને તે છેલ્લે સુધી આવ્યા જ કરે છે." ચમત્કારોના થર દુનિયાના લગભગ તમામ પ્રદેશોના પુરાતન સંતોની તવારિખ પર બાઝેલા જોવા મળે છે. મીરાંનું વિષપાન, નરસિંહ મહેતાની હુંડીનો શામળ ગિરધારીએ કરેલો સ્વીકાર, કુંવરબાઇનું મામેરું પૂર્યાની ઘટના - એ ચમત્કારો જ છે, અને આજે એ હકીકતો સત્ય જેવી બનીને વણાઇ ગઇ છે.

'સોરઠી સંતો' ના સર્જનમાં હડાળાના દરબાર શ્રી વાજસૂર વાળાનું કીમતી યોગદાન છે તે દર્શાવતાં મેઘાણીએ નોંધ્યું છે: "સોરઠી કથાવાર્તાના સાહિત્યમાં મને સહુથી પ્રથમ પ્રવેશ કરાવનાર વ્યક્તિ તે હડાળાના દરબાર શ્રી વાજસૂર વાળા છે. 'રસધાર' ના આરા પર એ માનવંત નામ પ્રથમથી જ અંકિત થઇ ચૂક્યું છે. પરંતુ તેમાં યે આ 'સંતો' ના પ્રદેશમાં મને તેડી જવાનો તેમનો ઉપકાર તો વિશિષ્ટ છે. એમના મધુર સહવાસથી જ આ બધો રસ લાગી શક્યો છે અને એમની ખંત થકી જ આમાંની ઘણી ઘણી સામગ્રીઓ એકઠી કરી શકાઇ છે."[38] જાગરૂક સંપાદક તરીકે મેઘાણી ભાષા-પ્રયોગના દોષની જવાબદારી પોતાને શિરે ચડાવે છે. ચમત્કારો કે પરચાના જૂઠા મહિમા અને તેને નામે ચાલતા ઢોંગ પરત્વે સંપાદકે પ્રવેશકમાં સ્પષ્ટ લખાણ કર્યું છે. તેમણે પરચાનો ખોટો પક્ષ લીધો નથી, પણ આલેખનમાં સચ્ચાઇ જાળવવા ખાતર જ પરચાનો નિર્દેશ કર્યો છે.

'પાંચાળનું ભક્તમંડળ'માં મેપાના કથાનકમાં, પ્રારંભમાં જ ચમત્કારનું આલેખન આવે છે. વરસાદ પડ્યો હતો ત્યારે મેપાએ પોતાના અંગનું કેડિયું ઉતારી નળિયાની પથાર ઉપર ફગાવ્યું. વરસાદનાં પાણી બીજાઓનાં નળિયાંને પલાળી તાણી ગયાં, ત્યારે

મેપાના નળિયાં ઉપર છાંટો સરખોય ન પડયો. પછી રતો દરબાર મેપા કુંભારનો ભકત બની જાય છે. આ કથામાં ભજનના ઢાળમાં એક ગીત આવે છે, તેની અંતિમ પંક્તિ રાજા ભરથરીના જીવનની યાદ અપાવે છે:

દાદા ! કાગળ હોય તો વાંચીએ
ઓલ્યાં કરમ વાંચ્યા કેમ જાય !

આપો રતો સિંહોને 'મોતીરામ', 'ગંગારામ' નામથી હાક પાડે અને સિંહો આવીને ભગતની પાસે બેસી જાય, તેના હાથ ચાટે એ ઘટના પશુપ્રેમનો નમૂનો છે. જ્યાં નિર્ભયતા હોય ત્યાં જ સાચો પ્રેમ સંભવી શકે છે એવું તારણ આના ઉપરથી કાઢી શકાય. સ્વાર્થ સાધવા માટે પોતાની સિધ્ધિનો ઉપયોગ બને ત્યાં સુધી ન કરવો એ સંતોનો શિષ્ટાચાર છે. આપો રતો એ શિષ્ટાચારનું ચુસ્તપણે પાલન કરે છે. પોતાની દીકરીને સાસરામાં દુઃખ પડે છે, તો તેમાં તેના નસીબનો દોષ જુએ છે.

રતા ભગતનો જમાઇ જાદરો મેપા ભગતની કૃપાથી આપો જાદરો નામે ભકત બની ગયો. તેનો 'માયલો' મરી ગયો. આ રીતે સંતસાધનામાં ગુરુકૃપાની મહત્તા પણ અસીમ હોય છે, તેનું સમર્થન આપો જાદરોના કથાનકમાંથી મળી રહે છે.

કેટલીકવાર ચમત્કાર બુધ્ધિગમ્ય નથી હોતો. વૈજ્ઞાનિક શોધો ચમત્કારને જૂઠા પણ પાડે છે. 'દાના ભગત'ની કથામાં દાનો ખાચર જાદરા ભગતની કૃપાથી આંખે દેખતો થાય છે. આ ચમત્કાર વિશે મેઘાણીએ પાદટીપમાં નોંધ મૂકી છે કે, "આ પ્રસંગને પરચાનું રૂપ

શા માટે આપવું જોઈએ ? આગળના સંતો-ભકતો પોતાની પાસે સારી સારી વનસ્પતિની દવાઓ રાખીને લોકોની વ્યાધિઓ મટાડતા હોવાનો સંભવ છે. દાનાની આંખો ઉપર પણ ચમત્કાર કરવાને બદલે જાદરાએ કોઈ ડુંગરિયાળ ઔષધિ જ લગાવી હશે."

વિસામણ જેવો બહારવટિયો દાના ભગતના આશીર્વાદથી વિસામણ ભગત થઈ ગયો. તે જ્યારે બહારવટું ખેલતો ત્યારે તેના હાંડલામાં ઘેટાનું માંસ રંધાતું હતું. દાના ભગતે યાત્રાળુઓને ચોખાનું ભોજન આપવાની વિનંતી કરી. વિસામણ બહારવટિયો માંસને બદલે ચોખા રંધાય છે એવું બોલ્યો. ચમત્કારથી માંસના ચોખા બની ગયા. આવા ચમત્કારોને ધર્મશ્રધ્ધાથી સ્વીકારવામાં આવે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ તેની સત્યતા કેટલી એ જુદો પ્રશ્ન છે. મેઘાણીએ માત્ર કથાનું સંપાદન જ કર્યું છે, એમાંના ચમત્કારોની સત્યાસત્યતા કે યથાર્થતા ચકાસવાનું સ્વીકાર્યું નથી.

વેલા ભગતની ધર્મની માતા સર્પદંશથી મૃત્યુ પામી હતી. વેલાનો નિયમ હતો કે જ્યાં સુધી માતા જમાડે નહિ ત્યાં સુધી જમવું નહિ. એક દિવસે માતા જમાડવા હાજર નહોતી. ધર્મના પિતાએ ડોશીનું શબ બતાવ્યું. વેલો શબને બાઝી પડયો ને રોટલા પીરસવા માટે આજીજી કરવા લાગ્યો. ચમત્કાર એવો થયો કે ડોશીનું ઝેર ઊતરી ગયું, ને તેઓ વેલાને બાઝી પડયાં.

એકંદરે 'સોરઠી સંતો'ની જીવનકથાઓ ચમત્કાર કથાઓ જેવી જ લાગે છે. એક પણ કથા ચમત્કારથી વંચિત નથી. ક્યારેક તો એક કથામાં અનેક ચમત્કારોની પરંપરા સર્જાય છે. 'સોરઠી સંતો'નું

ચમત્કારોને બાદ કરીને મૂલ્યાંકન કરવામાં આવે તો એમાં કયું કથાતત્ત્વ બાકી રહે એ પણ એક તપાસવા જેવો મુદ્દો છે. 'સોરઠી સંતો' આ સંદર્ભમાં લોકકથા કરતાં વધુ તો ચમત્કારિક ચરિત્રોના સંકલન જેવું પુસ્તક લાગે છે.

'પુરાતન જ્યોત'માં ત્રણ જીવનચરિત્રો છે: (૧) 'સંત દેવીદાસ' (૨) 'સંત મેકરણ' (૩) 'જેસલ જગનો ચોરટો.'

'સંત દેવીદાસ'ની કથાનો પાયો ચમત્કારોના નિરૂપણમાં રહેલો છે. કંઠોપકંઠ સચવાતી આવેલી આ કથામાં પણ કેટલાક પાઠાંતરો જોવા મળે છે.

અમરબાઈ આયર હતાં, પીઠડિયાનાં રહીશ, જોબન અવસ્થા, પણ સંસારમાં ભાવ નહિ. તેમણે સાંભળ્યું કે કોઈ કાઠી સાથે પોતાનો વિવાહ ગોઠવાય છે. સાંભળતાં જ તેઓ ભાગીને સંત દેવીદાસ પાસે આવ્યાં. મેઘાણીભાઈએ લોકવાણીની રીતે આ પ્રસંગને જુદી રીતે મૂક્યો છે.

બીજો એક ફેરફાર સંપાદકે ઇરાદાપૂર્વક કરેલો છે. રત્નેશ્વર સમુદ્રનો પ્રસંગ કથાના ઉઠાવ માટે જ મૂક્યો છે. સંપાદકે રત્નેશ્વર જઈને જાણ્યું હતું કે ત્યાં કોઢિયાંને લોકો સાગર-સમાધિ લેવડાવે છે. 'સંત દેવીદાસ'માં એ પ્રસંગનું કલ્પના-સર્જન છે. સંત દેવીદાસના હાથે થતી રક્તપિત્તિયાંની સારવાર અને અન્નનું પિરસણ એ તો સત્ય હકીકતનું નિરૂપણ છે.

કંઠોપકંઠ સચવાયે આવતા પરચા કે ચમત્કારોને સંપાદકે જાતીય વિજ્ઞાનની કોઇક પ્રક્રિયા તરીકે ઘટાવવાનો પ્રયત્ન કર્યો છે. મૂળ લોકકથાનું કથાનક આ પ્રમાણે છે – સંત દેવીદાસે અમરબાઇને અને શાદુળ ભગતને એક દિવસ પોતાની પાસે બોલાવ્યા, અને કહ્યું કે તમે બંને જુવાન છો, લોકોમાં તમારી વાતો થાય છે. માટે હું એ વાતોનું થડમૂળ જ ન રહે તેવું કરી આપું. એમ કહી બંનેના ગુહ્યાંગો પર હાથ ફેરવી દીધો. બંનેના જાતીય અવયવો શરીરમાં સમાઇ ગયા. મેઘાણીએ આ પ્રસંગની કલ્પના સ્હેજ જુદી રીતે કરી છે. અમરબાઇના હૈયામાં સંતાન-ઝંખના મૂકી છે. નારી તો જુદી જુદી રીતે સંતાન જણી જાણે છે. લલિત કલાના કોઇ પણ એક અંશનો બીજાના જીવનમાં આવિર્ભાવ કરાવીને નારીહ્રદય પોતાનું વાંઝિયાપણું ફેડે છે. અમરબાઇએ શાદુળની અંદર સંતાન-સ્નેહનું આરોપણ કર્યું છે. સંપાદકે શાદુળનો મદ ભાંગ્યો અને તેના દૈવતની ખબર લઇ નાખી છે, કારણ કે તેમને શાદુળને દિવ્ય બનાવવો નહોતો.

સંત દેવીદાસે સમાધિ લીધી ત્યારે અમરબાઇને પણ સાથે સમાવા તેડી લીધા, અને કહ્યું, "અમર, બાપ, હજુ તારી અવસ્થા થોડી છે, તું અંજવાળી તોય રાત છો."

'સંત મેકરણ'ની કથા, જેવી મળી તેવી સીધેસીધી રજૂ થઇ છે. મેકરણની સાખીઓ કચ્છી લોકબોલીમાં મૂકેલી છે, તેને શુધ્ધ કરીને અર્થો આપવાનું કામ કચ્છી લોકસાહિત્યના કવિ દુલેરાય કારાણીએ કર્યું છે.

'જેસલ જગનો ચોરટો' માં જેસલ અને તોરલના કથાપ્રસંગોમાં સંપાદક લોકવાણીને બરાબર અનુસર્યા છે. વહાણ ડૂબવાની ઘટના ઘણાના માનવા મુજબ સાચેસાચ બની નથી, પણ માત્ર રૂપક છે. એક સમસ્યાનો ઉકેલ શોધી શકાયો નથી કે જેસલ-તોરલ દંપતીભાવે રહયાં હતાં કે નહિ ? મૃત્યુને પ્રસંગે છેલ્લી સમાધિ વેળા જ એમણે લગ્ન સાધ્યું એવો મુદ્દો સંપાદકને ભજનમાંથી જડ્યો છે. જેસલ-તોરલ વચ્ચેનો જાતીય ભાવ ઉન્નત (sublimated) બની રહયો હતો.

જેસલ – તોરલની કથામાં છેલ્લો પ્રસંગ જેસલ અને તોરલને જુદા પડવાનો છે. મેઘાણીએ લખ્યું છે કે વાચક તો એકલું તોરલને જ આવેલું, જેસલને અમુક મંડળમાં જવાનો અધિકાર ન હોવાથી તે ઘરે રહયા હતા. આ દોષ પ્રત્યે તળાજાવાળા રતિલાલ કેશવજીએ સંપાદકનું ધ્યાન દોર્યું. તે મુજબ તેમણે પુસ્તકની બીજી આવૃત્તિમાં સુધારો કરી લીધો છે.

'સંત દેવીદાસ'ના ગદ્યાત્મક ચરિત્રને અંતે સંપાદકે છ ભજનો મૂકયાં છે: (૧) શરણાગતિ, (૨) હાલ ફકીરી, (૩) મુને દેખતી કીધી, (૪) જીવન ભલે જાગિયાં, (૫) અમર ઝૂઝે રે તરવાર, અને (૬) સખીભાવ. એમાંનું છેલ્લું ભજન જામનગરના હમીર કુંભારે રચેલું છે.

'જેસલ જગનો ચોરટો' ના પ્રારંભ અને અંતમાં ભજનો મુકાયેલાં છે. કથાનકની વચ્ચે પણ મૌક્તિક-મણિ જેવાં ભજનો શોભી રહયાં છે. અંતિમ ભજનના શબ્દો નીચે પ્રમાણે છે:

જેસલ કરી લે વિચાર,
માથે જમ કેરો માર,
સપના જેવો છે સંસાર
તોળી રાણી કરે છે પોકાર
આવોને જેસલરાય !

સંત દેવીદાસની લોકકથા રક્તપિત્તિયાંની સેવાભાવના અને સદાવ્રતની યોજનાને કારણે સોરઠના તળપદા લોકજીવનને પ્રતિબિંબિત કરે છે. ત્રણે લોકકથા ઐતિહાસિક, સામાજિક, દૃષ્ટિએ ભલે મહત્ત્વની નહિ હોય, પણ લોકજીવનના વિવિધ રંગોને આલેખતા દસ્તાવેજ તરીકે નમૂનેદાર અને નોંધપાત્ર બની છે.

લોકકથાના સ્વરૂપની દૃષ્ટિએ વિચાર કરીએ તો મેઘાણીના પુસ્તકોમાં 'રંગ છે બારોટ !' ને શુધ્ધ લોકકથાનું સંપાદન કહી શકાય. આ પુસ્તક અનેક રીતે મહત્ત્વનું છે. એક તો, એમાં સંપાદકે કથાઓ ક્યાંથી મળી તેનું પ્રાપ્તિસ્થાન નોંધ્યું છે. બીજું, આ કથાઓમાં સંપાદકે પોતાના તરફથી કોઇ પણ જાતનું ઉમેરણ કે કાપકૂપ કરી નથી. એટલે કે જે સ્વરૂપમાં કથાઓ પ્રાપ્ત થઇ તે જ સ્વરૂપમાં પ્રસ્તુત કરી છે. ત્રીજું, કથામાં સંપાદકે મૂળની ભાષા અને ચારણી પધ્ધતિની કહેણીની શૈલી જાળવી રાખી છે. ચોથું, મોટિફ એ લોકકથાનું એક મહત્ત્વનું અંગ મનાયું છે તે પણ આ કથાઓમાં જોવા મળે છે. આમ, લોકકથાનાં તમામ લક્ષણો આમાંની કથાઓ ધરાવે છે, તેથી આદર્શ અને શાસ્ત્રીય લોકકથાના નમૂના તરીકે 'રંગ છે બારોટ !' ને અવલોકવું જોઇએ. આ ગ્રંથની પહેલી આવૃત્તિ(૧૯૪૫) માં 'લેખક : ઝવેરચંદ મેઘાણી' એવો ઉલ્લેખ મળે છે, પણ હકીકતમાં અહીં લેખકનું કર્તૃત્વ છે જ નહિ. મેઘાણીએ જુદે જુદે સ્થળેથી મેળવી આ કથાઓ સંપાદિત કરી છે. ગ્રંથની પ્રસ્તાવના જોતાં તે સ્પષ્ટ થાય છે.

'રંગ છે બારોટ !' માં કુલ બાર લોકકથાઓ છે, જેમાં ૧. 'વિક્રમ અને ખાપરો', ૨. 'વિક્રમ અને પ્રભાત ચાવડો',

૩. 'બાપુ ભાલાળો', ૪. 'ચાર સાર', ૫. 'પરકાયા પ્રવેશ', ૬. 'હરિયાપીરની દીકરી', ૭. 'કાઠીકુળ', ૮. 'જનમના જોગી', ૯. 'નાગ અને બામણ', ૧૦ 'ભેરીઓ અને ભૂંભઓ', ૧૧. 'ચંદણ-મેણાગરી' અને ૧૨. 'બાનિયો' – નો સમાવેશ થાય છે. આ કથાઓમાંની કેટલીક કથા સંપાદકે એકથી વધુ બેઠકમાં ઉતારી હતી. કેટલીક કથામાં આવતા દુહા માહિતીદાતાએ પોતે જ લખીને મોકલ્યા હોય એવા ઉલ્લેખો મળે છે. લોકકથાના કથકોની વિવિધ પ્રકારની કથનપધ્ધતિ હોય છે તેનો નિર્દેશ પણ આ લોકકથામાંથી પ્રાપ્ત થાય છે.

" રંગ છે બારોટ !" માં સંગૃહિત કરેલી કથાઓમાં વિષયવસ્તુ અને કહેણીશૈલીની દૃષ્ટિએ બે લોકકથા વિશેષ મહત્ત્વની છે: (૧) 'જનમના જોગી' અને (૨) 'ચંદણ-મેણાગરી'. 'જનમના જોગી' લોકકથામાં ઇતિહાસપ્રસિધ્ધ રાજા ભરથરીના જીવનનું વૃત્તાંત આલેખાયું છે. 'રાજા ભરથરી'ને લગતું એક બૅલેડ મેઘાણીએ સંપાદિત કરેલું છે તે હજી સુધી અપ્રગટ છે. આ બૅલેડ પ્રસ્તુત મહાનિબંધના અંત ભાગમાં – પરિશિષ્ટમાં – મૂકેલું છે. 'જનમના જોગી' તથા અપ્રગટ બૅલેડમાં જે દુહાઓ છે તે બંને પાઠમાં ઘણો તફાવત માલૂમ પડે છે. 'જનમના જોગી'માં પ્રથમ દુહો આ પ્રમાણે છે:

ઉજેણ તો નગરીના રાજા બેસણા
ધારાનગરીના રાજ જી;
તેડાવો જોશી ને જોવરાવો ટીપણા,
જોવરાવો બાળુડાના જોશ જી;
કિયા રે નખતરમાં રાજા જલમિયા ?
ચાંદા પૂનમ રાત જી.

મેઘાણી દ્વારા સંપાદિત અપ્રગટ બૅલેડમાં માણસે અભિમાન ન કરવું જોઇએ એવો ઉપદેશ આપતાં હિન્દી પદ્યવિધાનો પ્રારંભે મૂકેલા છે. એમાં પ્રથમ દુહો આ પ્રમાણે છે:

ઉજેણી નગરીના રાજા બેસણાં
ધારા નગરીના રાજા હરિ,
તેડાવો જોષી ને જોવરાવો ટીપણાં
જોવરાવો બાળકના જોષ જી
કીયા રે નખતરમાં રાજા જાલમીઆ
ચાંદા પુનમની રાત હરિ.

લોકકથાના અને અપ્રગટ બૅલેડના દુહામાં માત્ર શાબ્દિક તફાવત જ રહેલો છે તે સિવાય કથાનકમાં ઘણે અંશે સામ્ય રહેલું જોઇ શકાય છે.

'જનમના જોગી' લોકકથા સ્વરૂપની દૃષ્ટિએ ખાસ નોંધપાત્ર જણાય છે. અહીં પ્રથમ દુહાવાળો ભાગ આવે છે અને પછી તરત જ તેની ગદ્યમાં સમજૂતી આવે છે. ચારણી શૈલીની લોકકથામાં દુહા આવે છે પણ તેની સમજૂતી આવતી નથી. ત્યાં તો દુહા ઉત્કટ લાગણી કે ભાવને દૃઢપણે રજૂ કરવા માટે અને કોઇ વિચાર કે માન્યતાના સમર્થન માટે આવે છે. પ્રસ્તુત લોકકથામાં આવતા દુહાનું પ્રયોજન આ જાતનું લાગતું નથી. 'જનમના જોગી'નું કથાનક સીધી, સાદી અને સરળ પધ્ધતિએ આગળ વધે છે. સમગ્ર કથામાં રાજા ભરથરીનું બાળપણ તથા દાંપત્યજીવનનું આલેખન છે. પતિ-પત્ની વચ્ચેના ધારદાર અને ચોટદાર સંવાદો આકર્ષક અંશ બને છે. અંતે રાજા ભરથરી પત્ની તથા માતાના રોક્યા રોકાતા નથી અને ગુરુ ગોરખનાથની પાછળ ચાલી નીકળે છે. ઉજ્જૈનના રાજા ભરથરીને લગતું આ કથાનક ઘણું

પ્રચલિત છે અને તે આપણા લોકસાહિત્યમાં જુદા જુદા સ્વરૂપે જળવાઇ રહ્યું છે. આ લોકકથા સંપાદકે બે તબક્કે પ્રાપ્ત કરી હતી તે જણાવતાં મેઘાણીભાઇએ નોંધ્યું છે: " આ ભજનકથા પંચાળના ચોટીલા તાબે પાજવાળી ગામના રહીશ નાથબાવા કાનીપાનાથ, અભેરનાથ વગેરેએ, મૂળ તો જ્યારે ડૉ.બાકે નામના એક યુરોપી વિદ્વાન હિંદના લોક-સંગીતના સંશોધનાર્થે એમનાં પત્ની સાથે રેકર્ડીંગનું આખું યંત્ર લઇને એક ટ્રક સાથે સફરે નીકળેલા ને રાણપુરમાં એ કામ માટે પડાવ નાખેલો ત્યારે તેમના રેકર્ડીંગ માટે આ નાથબાવાની મંડળીએ ગાયેલ ને મેં ટપકાવેલ, પણ ટાંચણ ખંડિત રહેલું. તે ત્યાર પછી બે-ત્રણ વર્ષે ૧૯૪૧ ના ઉનાળામાં બોટાદ ગામની સીમમાં નાથબાવા ભાઇજીનાથ વગેરેના ઉચાળા પડેલા ત્યારે એક સ્નેહીની વાડીમાં ગવરાવીને પૂરું લખી નાખેલું."[૩૯]

'જનમના જોગી' લોકકથાનું આપણે ત્યાં ઘણે ઠેકાણે સ્થળાંતર થયું છે. મધ્યપ્રદેશમાં પણ આ કથા પ્રચલિત હોવી જોઇએ એમ એમાં આવતા કેટલાક હિન્દી શબ્દ પ્રયોગો જોતાં પ્રતીત થાય છે – દા.ત. 'તેરા','મેરા' કરમકા', 'હુવા', 'તમેરા સપના' વગેરે. અનેક સ્થળે વિહાર કરતી લોકકથામાં અનેક પાઠો મળે એ સ્વાભાવિક છે. પાઠાંતર એ તો લોકકથાનું એક લક્ષણ છે. લોકકથાના સંશોધકો આવા અનેક પાઠો એકત્ર કરે તો તેથી વૈવિધ્યભરી સાંસ્કૃતિક સામગ્રી પ્રાપ્ત થાય છે.

'ચંદણ – મેણાગરી' લોકકથામાં પણ દુહા અને તેની ગદ્યમાં સમજૂતી આવે છે, પણ વચ્ચે વચ્ચે ગદ્યમાં પણ કથા વહે છે. આમ, એનું આલેખન 'જનમના જોગી' લોકકથા કરતાં થોડું અલગ પડે છે.

રાજા ચંદણ અને રાણી મેણાગરી અહીં આદર્શ દંપતી તરીકે પ્રતીત થાય છે. રાજા ચંદણ એના સત્યિાપણાને કારણે હરિની ચિંતાનો વિષય બને છે. હરિએ ચંદણ અને એના પરિવારને હેરાન કરવા માટે કૂડકાવડીઆ (નારદ) ને મોકલ્યો, ત્યારથી ચંદણની પડતી દશાની શરૂઆત થઈ. લોચાણગઢના રાજા ચંદણ સત્યના બળથી સર્વત્ર જાણીતો થયો છે. આખી કથામાં કૂડકાવળીઓ ચંદણ-પરિવારને અસંખ્ય દુઃખો પહોંચાડે છે તેનું વિગતે નિરૂપણ છે. આકરી કસોટીમાંથી તવાઈને બહાર આવતો ચંદણ આંતરિક ખમીરને કારણે ટકી રહે છે. એના દાંપત્યજીવનને છિન્નભિન્ન કરી નાખ્યું હોવા છતાં તે સત્યધર્મ છોડતો નથી કે અનીતિ આચરતો નથી.

ચંદણના રાજ્યમાં ઝાડુ કાઢનાર પ્રજા પણ સોનાનાં ઘરેણાં પહેરી શકે તેવી સમૃધ્ધ હતી. એને આધારે પેલો કૂડકાવળીઓ રાજા-ચંદણના કુટુંબની અને તેમના નગરજનોની સમૃધ્ધિ વિશે વિચાર કરે છે. રાજા ચંદણની સાદગી જોઈને કૂડકાવળીઓ આશ્ચર્યચકિત થઈ જાય છે. લોકોની સેવા કરવી, ભૂખ્યાને અન્ન આપવું એ એના વ્યક્તિત્વનો પ્રધાન અંશ છે. કૂડકાવળીઓ ત્યાં ભોજન લેવાની ના પાડીને, રાજાનાં બે બાળકો તથા રાણીને માગી લે છે. આખરે ચારે જણાને નગર છોડી જવું પડે છે. તરસે પીડાતું આ કુટુંબ નદી પાસે આવી પહોંચે છે. રાજા ચંદણ તણાઈને ત્રંબાવટી નગરીમાં પહોંચે છે. બીજી તરફ રાણી મેણાગરી માટીની ભેખડ નીચે આશરો લે છે, અને બીજા દિવસે કુંભારને ઘેર પહોંચે છે. રાજાના બે કુંવર સાયર અને નીર નદીને સામે કિનારે હતા ત્યાંથી મોરગઢના રાજાની પાસે પહોંચે છે. આ રાજાને સંતાન હતું નહિ તેથી બંને કુંવરને પુત્ર

પુત્ર તરીકે અપનાવી લે છે. લાખો વણઝારો કુંભારને ત્યાંથી છેતરીને મેણાગરીને લઇ જાય છે. મેણાગરીને કોરડાનો માર પડે છે ત્યારે તે પોતાના ભૂતકાળને સંભારે છે. ત્યારે તે "સાયર-નીર જેવા દીકરા" એવા શબ્દો ઉચ્ચારે છે. એ વખતે સાયર-નીર ત્યાં ચોકી કરતા હતા. બંને ભાઇઓ પાલક પિતાને પ્રશ્નો પૂછીને પોતાના પિતા વિશે માહિતી મેળવી લે છે. રૂપાવટી નગરીમાં જઇને પિતા ચંદણને લઇ આવ્યા. મેણાગરીના ડાબે ખભે કમળ હતું તે નિશાની પરથી ચંદણે પત્નીને ઓળખી કાઢી. ચારે જણનું મિલન થયું તે વખતે આંખમાંથી શ્રાવણ ભાદરવો વહેવા માંડયો. ખુશ થઇને કૂકડાવાળીઆએ વરદાન માગવાનું કહ્યું; ત્યારે મેણાગરી જણાવે છે કે ભાઇ મને પરેશાન કરી એવી કોઇને કરીશ નહિ. લાખા વણઝારાને એના કુકર્મ બદલ શિક્ષા ન કરી, પણ તેનું દાણ માફ કરાવ્યું. આખો પરિવાર ફરીથી લોયાણાગઢ આવ્યો. એ રીતે ચંદણનો રાજ-કારભાર અમર થઇ ગયો. આ લોકકથા રાજા ચંદણના રાજકીય અને દાંપત્યજીવનની ઘટનાઓ આલેખીને સત્યધર્મનો મહિમા રજૂ કરે છે.

લોકસાહિત્યના સંશોધન-સંપાદનની બાબતમાં મેઘાણીની પધ્ધતિ સહયોગી-નિરીક્ષક(participent-observer)ની હતી. તેઓ કયારેક માત્ર નિરીક્ષણ કરતા તો કયારેક નિરીક્ષણ કરીને જે પ્રજાપાસેથી સામગ્રી મેળવવાની હોય તેની સાથે એકરૂપ બનીને કૃતિના કથનમાં ભાગ પણ લેતા. આ પધ્ધતિના સમર્થનમાં તેમણે 'છેલ્લું પ્રયાણ'માં વિગતે માહિતી આપી છે.

પાદટીપ

1. 'ઝવેરચંદ મેઘાણી': સંપા. અનિરુધ્ધ બ્રહ્મભટ્ટ, આવૃત્તિ પહેલી, ૧૯૬૮ — પૃ. ૭૨
2. – એજન – — પૃ. ૭૨
3. 'लोकसाहित्य विज्ञान': डॉ॰ सत्येन्द्र : दूसरा संस्करण: 1971. ["लोक-साहित्य में ...... पैदा हुआ है?"] — पृ॰१४०
4. – એજન – — પૃ. ૧૫૦
5. – એજન –
   ("As distinct from ... worship.") — પૃ. ૧૫૮
6. – એજન –
   (Legend may be ..... third kind.) — પૃ. ૧૫૮
7. 'The Study of American Folklore - by J.H.Brunvand, Ed. 1968. — p.9
8. – એજન
   ("Generally speaking .. .. and the like".) — p.5
9. – એજન
   ("If legends are ..... point a moral.") — p.103
10. 'The Study of Folklore' by Alan Dundes, ed. 1965
    ("A much more ..... her brother".) — p.209
11. 'The Science of Folklore' by Alexander H. Krappe, Ed.1930.
    ("The Scope ..... Voices of the 'Folk'.") — p.20

१२. 'लोक- साहित्य विज्ञान': डॉ. सत्येन्द्र : दूसरा संस्करण : 1971. પૃ. ૧૫૭

૧૩. – એજન – પૃ. ૨૪૬

૧૪. 'नागरी प्रचारिणी पत्रिका,' अंक -१, वर्ष - 59, सं० २०११. પૃ. ૧૬

૧૫. "ઝવેરચંદ મેઘાણી": સંપા. અનિરુધ્ધ બ્રહ્મભટ્ટ, આવૃત્તિ પહેલી, ૧૯૬૮ પૃ. ૯૫

૧૬. 'An Outline of Indian Folklore' by Mrs.Durga Bhagwat, First Edition, 1958. ("Unless the Study .... Chants etc.") p.60

૧૭. "બેહની ભીત્યુંને આજ મારે ભાગવી": 'દર્શક', આવૃત્તિ-૧ ૧૯૭૨ પૃ. ૫૫

૧૮. "ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ": ગ્રંથ-૨, સંપા. ઉમાશંકર જોશી, પહેલી આવૃત્તિ, ૧૯૭૬ પૃ. ૭૦૭

૧૯. "દરબારી ઠાઠદાર લોકવાર્તા": પુષ્કર ચંદરવાકર: ૧૯૭૦–૭૧ ના વર્ષનું યુનિ. વ્યાખ્યાન, આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, મહેસાણા. પૃ. ૧

૨૦. – એજન – પૃ. ૩

૨૧. – એજન – પૃ. ૫

૨૨. "ઊર્મિ-નવરચના": શ્રી જયમલ્લ પરમાર, અંક – ૪૯૭, જાન્યુઆરી, ૧૯૭૧ પૃ. ૭૨૧

૨૩. "દાદાજીની વાતો": ઝવેરચંદ મેઘાણી, આઠમી આવૃત્તિ, ૧૯૫૪ પૃ. ૧૬

૨૪. 'સૌરાષ્ટ્રની રસધાર-૧': ઝવેરચંદ મેઘાણી,
પુનર્મુદ્રણ - ૧૯૭૩ પૃ. ૨૯

૨૫. 'સૌરાષ્ટ્રની રસધાર-૨': ઝવેરચંદ મેઘાણી,
પુનર્મુદ્રણ - ૧૯૭૦ પૃ. ૧૮

૨૬. 'સૌરાષ્ટ્રની રસધાર-૩': ઝવેરચંદ મેઘાણી,
પુનર્મુદ્રણ - ૧૯૭૪ પૃ. ૭

૨૭. 'ઝવેરચંદ મેઘાણી': સંપા. અનિરુધ્ધ બ્રહ્મભટ્ટ,
આવૃત્તિ પહેલી, ૧૯૬૮ પૃ. ૯૫

૨૮. 'કંકાવટી ભાગ-૧': ઝવેરચંદ મેઘાણી:
પુનર્મુદ્રણ, ૧૯૭૪ પૃ. ૬

૨૯. 'કંકાવટી ભાગ-૨': ઝવેરચંદ મેઘાણી:
પુનર્મુદ્રણ, ૧૯૭૨ પૃ. ૬

૩૦. 'દાદાજીની વાતો': ઝવેરચંદ મેઘાણી, બીજી
આવૃત્તિ, ૧૯૭૦ પૃ. ૬

૩૧. 'ઝવેરચંદ મેઘાણી': સંપા. અનિરુધ્ધ બ્રહ્મભટ્ટ,
આવૃત્તિ-૧, ૧૯૬૮ પૃ. ૯૭

૩૨. 'સોરઠી બહારવટિયા ભાગ-૧':
ઝવેરચંદ મેઘાણી, પુનર્મુદ્રણ - ૧૯૭૪ પૃ. ૭

૩૩. 'સોરઠી બહારવટિયા ભાગ-૧':
ઝવેરચંદ મેઘાણી, પુનર્મુદ્રણ - ૧૯૭૪ પૃ. ૮

૩૪. 'સોરઠી બહારવટિયા ભાગ-૨':
ઝવેરચંદ મેઘાણી, આવૃત્તિ-૧, ૧૯૨૮ પૃ. ૧૦

૩૫. 'સોરઠી બહારવટિયા ભાગ-૧':
ઝવેરચંદ મેઘાણી, પુનર્મુદ્રણ - ૧૯૭૪ પૃ. ૬૭

૩૬. 'હિસ્ટરી ઑફ કાઠિયાવાડ': કેપ્ટન બેલ પૃ. ૨૩૮
૩૭. 'સોરઠી સંતો': ઝવેરચંદ મેઘાણી, પુનર્મુદ્રણ-૧૯૭૨ પૃ. ૧૦
૩૮. 'સોરઠી સંતો': ઝવેરચંદ મેઘાણી, પુનર્મુદ્રણ-૧૯૭૨ પૃ. ૫
૩૯. 'રંગ છે બારોટ !': ઝવેરચંદ મેઘાણી, પહેલી આવૃત્તિ - ૧૯૪૫ પૃ. ૫